




Tuesday, 13 January 2026

પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૪ ● સંવત-૨૦૮૨ પોષ વદ દશમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




મનુષ્ય પોતાના વિચારોના સમૂહથી બનેલો છે.
- મહાત્મા ગાંધીજી

## દાનહ જિ.પં.ના સભ્યોએ સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ સાથે કરેલી શુભેચ્છા મુલાકાત



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના દાનહ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિશાબેન ભવરની અધ્યક્ષતામાં તમામ જિ.પં. સભ્યોએ પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી અને સમગ્ર પ્રદેશની સમૃદ્ધિ માટેની કામના કરી હતી.**

**‘વર્તમાન પ્રવાહ’ મેનેજમેન્ટે મને ૫મી ઓગસ્ટ, ૨૦૨૫થી દમણ જિલ્લાની રાજકીય-પ્રશાસનિક ગતિવિધિ ઉપર નજર રાખવાની જવાબદારી સોંપી હતી. મેં મારી ટીમ સાથે દમણ જિલ્લાની તમામ સ્થાનિક સ્વરાજ્યની બેઠકોનો પ્રત્યક્ષ અને પરોક્ષ અભ્યાસ શરૂ કર્યો હતો. મેનેજમેન્ટની સૂચનાથી અમે દરેક બેઠકના ઊંડાણમાં ઉતરી અને પક્ષ-વિપક્ષ-અપક્ષ તમામ સાથે અમારી ઓળખ છૂપાવી અંગત સંબંધ કેળવ્યા હતા. જેના પરિણામ સ્વરૂપ અમને ખુબ જ રોમાંચક અને ઉપયોગી માહિતી મળી હતી જેને અમે હવે શબ્દશઃ સ્વરૂપ આપવા જઈ રહ્યા છીએ. જે વાંચકોને પસંદ પડશે અને ટચૂકડા દમણમાં પણ ખેલાતી નગ્ન રાજકીય ભવાઈનો ચિતાર પણ મળશે.**- નગીન ગાંવિત

## દમણ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સાંસદ ઉમેશભાઈ પટેલને ‘ઓક્સિજન’ કોણે પુરો પાડ્યો?

### દમણ જિલ્લા ચૂંટણીઃ ભેદભરમથી ‘નગીન’ ગણિત સુધી

-નગીન ગાંવિત

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે કરેલા વિકાસ કામોના કારણે દમણ જિલ્લામાં ભાજપના ઉમેદવારો સામે લડવાની કોઈ પાસે નૈતિક તાકાત રહી નહીં હતી. સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલના પડછાયાથી તેમના ખુદના ટેકેદારો એક અંતર બનાવીને ચાલતા હતા. પ્રદેશ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાનો સિતારો પણ બુલંદી ઉપર હતો.

દમણ-દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલને ભાજપના અંદરની માહિતી મળવાની બંધ થતાં તેઓ પણ રઘવાયા બન્યા હતા. દમણ ભાજપ કાર્યાલયની સામે આવેલ જીમના ઓટલા ઉપર બેસી સાંસદશ્રી ભાજપના કાર્યકરો ઉપર ત્રાટક કરતા હતા, પણ તેમને અંદરની કોઈ વાત મળતી નહીં હતી.

પ્રદેશ ભાજપની નવી કારોબારીનું ગઠન થતાં દમણ-દીવના સાંસદ પણ ફરી રંગમાં આવી ગયા હતા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપમાં રહીને તન મન અને ધનથી મદદ કરનાર હવે પ્રદેશ ભાજપમાં મહત્ત્વની ભૂમિકામાં આવી ગયા હતા. આ નવનિયુક્ત પદાધિકારીએ પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે શ્રી મહેશભાઈ આગરિયાને તેમણે જ બેસાડ્યા હોય એ રીતનો રૂઆબ પક્ષ કાર્યાલયમાં પણ ચલાવવાની શરૂઆત થઈ. પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ આ નવનિયુક્ત પદાધિકારીના ગણિતને સમજી નહીં શક્યા અથવા તેમના સંમોહનમાં આવી ગયા હોય એવું સામાન્ય કાર્યકર્તાઓને પણ લાગવા માંડ્યું.

આ પદાધિકારીએ દમણ-દીવના સાંસદ સાથે બેઠક કરીને ગત લોકસભાની ચૂંટણીમાં ભાજપ સાથે વિશ્વાસઘાત કરનાર કાર્યકર્તાઓને ટિકિટ મળે એવી વ્યવસ્થા કરવાની શરૂઆત કરવામાં આવી. કારણ કે, દમણ જિલ્લામાં ભાજપની સામે કોઈ ઉભું રહેવા માટે તૈયાર જ નહીં હતું અને લોકો પણ ભાજપ સાથે હોવાનો વિશ્વાસ દેખાતો હતો. તેથી સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે નવા નવા ભાજપના મહત્ત્વના પદાધિકારી બનેલા પોતાના ટેકેદાર સાથે ગોઠવણ કરી અને લોકસભાની ચૂંટણીમાં ભાજપને દગો કરનારા કાર્યકર્તાઓને ટિકિટ કેવી રીતે મળે તે બાબતે મનોમંથન શરૂ કર્યું.

**બીજી બાજુ સંઘપ્રદેશ પ્રશાસનના વિકાસની સાથે રહેલા અને પ્રશાસકશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કાર્યકર્તાઓને ટિકિટ નહીં મળે અને પ્રશાસનમાં પણ તેમનું નામ બદનામ થાય એ પ્રકારની રીત-રસમ પણ શરૂ કરવામાં આવી.**

**સમગ્ર સંઘપ્રદેશ સહિત દમણ અને દીવની ફક્ત કાયાપલટ જ નહીં પરંતુ લોકોનું જીવન-ધોરણ બદલનારા પ્રશાસક પ્રફુલભાઈ પટેલ હટાવ ઝૂંબેશનું નેતૃત્વ કરનારા અને સોશિયલ મીડિયામાં પ્રફુલભાઈ પટેલને ગાળો ભાંડનારા સાંસદ ઉમેશભાઈ પટેલના ખાસ ટેકેદારોને ટિકિટ મળે તેવી ફૂલપ્રુફ વ્યવસ્થા નવનિયુક્ત પદાધિકારી દ્વારા કરાઈ અને તેઓ પોતાની રણનીતિમાં સફળ પણ રહ્યા**

સમગ્ર સંઘપ્રદેશ સહિત દમણ અને દીવની ફક્ત કાયાપલટ જ નહીં પરંતુ લોકોનું જીવન-ધોરણ બદલનારા પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ હટાવ ઝૂંબેશનું નેતૃત્વ કરનારા અને સોશિયલ મીડિયામાં શ્રી પ્રફુલભાઈ પટેલને ગાળો ભાંડનારા સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલના ખાસ ટેકેદારોને ટિકિટ મળે તેવી ફૂલપ્રુફ વ્યવસ્થા નવનિયુક્ત પદાધિકારી દ્વારા કરવામાં આવી અને સંભવ છે કે, આ બાબતે પ્રદેશ અધ્યક્ષ અને પ્રદેશ પ્રભારી અજાણ હોવા જોઈએ.

ખેલ ફક્ત આટલેથી જ નથી અટકતો, પણ હવે સ્થાનિક સ્વરાજ્યની બેઠક અને ઉમેદવારોની તાકાતના હિસાબે તેમની પાસેથી માંગણીઓ પણ શરૂ થઈ. **જો કોઈ કહેતું હોય કે આ ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીમાં એક રાતી પાઈ પણ લેવામાં નથી આવી તો તેઓ મોટી ભૂલ કરે છે. કારણ કે, દમણ ખુબ નાનું છે અને રાત્રિના રાજપાઠમાં જેમણે આપ્યા છે તેઓ ખુલ્લેઆમ નામ અને આંકડા સાથે બોલતા પણ નજરે પડે છે.**

**(ક્રમશઃ વધુ શનિવારે)**

સ્વામી વિવેકાનંદની ૧૬૩મી જન્મજયંતિ(યુવા દિવસ)ની ઉજવણીના ભાગરૂપે

## અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, દાનહ અને દમણ-દીવ દ્વારા દેવકા બીચ પર ‘યુવા મેરેથોન’ યોજાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૨**

સ્વામી વિવેકાનંદની ૧૬૩મી જન્મજયંતિ (યુવા દિવસ)ની ઉજવણીમાં, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, દાદરા નગર હવેલી અને દમણ-દીવ દ્વારા દમણના દેવકા બીચ પર ‘યુવા મેરેથોન’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી મહેશભાઈ આગરિયાએ યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, આજે, સ્વામી વિવેકાનંદજીની ૧૬૩મી જન્મજયંતીના શુભ પ્રસંગે, આ સુંદર દેવકા બીચ પર આયોજિત ‘યુવા મેરેથોન’માં આપ સૌની વચ્ચે હાજર રહેવું મારા માટે ખૂબ જ ગર્વ અને આનંદની વાત છે. સ્વામી વિવેકાનંદજી માત્ર એક સાધુ નહોતા, તેઓ યુવા શક્તિ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્ર નિર્માણના પ્રતીક હતા.

તેમણે જણાવ્યું હતું કે, ‘ઊઠો, જાગો, અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી થોભો નહીં.’ આજની મેરેથોન એ જ વિચારનું જીવંત ઉદાહરણ છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે હંમેશા રાષ્ટ્રવાદી વિચારસરણી, ચારિત્ર્ય નિર્માણ અને સામાજિક જવાબદારીને પ્રાથમિકતા આપી છે. આજની ઘટના યુવાનોમાં સ્વસ્થ જીવન, સકારાત્મક વિચારસરણી અને સામાજિક ભાગીદારીને પ્રોત્સાહન આપે છે. આ માટે હું ABVPના તમામ કાર્યકરોને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. હું આપ સૌને અપીલ કરું છું કે સ્વામી વિવેકાનંદના ઉપદેશોને પોતાના જીવનમાં આત્મસાત કરો, સ્વસ્થ શરીરની સાથે મજબૂત ચારિત્ર્યનો વિકાસ કરો અને વધુ સારા, મજબૂત અને વિકસિત ભારતનું નિર્માણ કરવામાં યોગદાન આપો. આ વિશ્વાસ સાથે, હું આપ સૌ યુવાનોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવું છું.

‘માર્ગ સલામતિ મહિનો’ અંતર્ગત

## દીવ જિલ્લામાં ટ્રાફિકના નિયમોનું પાલન કરવા લોક જાગૃતિ ઝુંબેશનો પ્રારંભ

**■ દીવમાં દરેક નિયમોનું ચુસ્તપણે પાલન કરનારા વાહનચાલકોને ગુલાબનું ફૂલ તથા હેલમેટનું કરવામાં આવી રહેલું વિતરણ ■ દમણમાં મોટાભાગના રસ્તાઓ ઉપર રોંગસાઈડમાં વાહનો હંકારે છે ચાલકોઃ છાશવારે થઈ રહેલા અકસ્માતો**







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દીવ/દમણ, તા.૧૨**

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના દીવ જિલ્લામાં ‘માર્ગ સલામતિ મહિનો’ શરૂ થયો છે. જે અંતર્ગત વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તેને લઈ ઝુંબેશ હાથ ધરાઈ રહી છે.

**- (વધુ પાના નં.૨ પર)**

## દાનહમાં કોંગ્રેસ દ્વારા ‘મનરેગા બચાવો’ આંદોલનનો પ્રારંભ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૨**

દાનહ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગઈકાલ રવિવારે એક પ્રેસ વાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશમાં ગ્રામીણ મજૂરોને કામ મેળવવાના સંવૈધાનિક અધિકારની રક્ષાના માટે ‘મનરેગા બચાવો’ આંદોલન અંતર્ગત જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેનો ઉદ્દેશ્ય ‘મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા)’ને કમજોર કરનારી નીતિઓ વિરુદ્ધ જનતાને સંગઠિત કરવા અને મજૂરોના અધિકારોની રક્ષા કરવાનો છે.

‘મનરેગા’ દેશના કરોડો ગ્રામીણ પરિવારોને ૧૦૦ દિવસનો રોજગાર, સમય પર મજૂરી અને સન્માનજનક જીવનનો અધિકાર આપે છે. પરંતુ વર્તમાનમાં કેન્દ્ર સરકારની નીતિના કારણે આ યોજના કમજોર કરવામાં આવી રહી છે, જેનાથી ગરીબ મજૂર અને ગ્રામીણ પરિવાર સૌથી વધુ પ્રભાવિત થઈ રહ્યો છે.

પ્રેસ વાર્તા દરમિયાન દાનહ કોંગ્રેસ અધ્યક્ષ શ્રી પ્રભુભાઈ ટોકિયાએ જણાવ્યું હતું કે, ‘મનરેગા’ અંતર્ગત મજૂરોના અધિકારો પર ચાર મોટા હુમલા કરવામાં આવી રહ્યા છે. કામ માંગવા છતાં મજૂરોને કામ નથી આપવામાં આવી રહ્યું છે. સો દિવસના રોજગારની કાનૂની ગેરંટી વ્યવહારમાં ખતમ કરવામાં આવી રહી છે. મજૂરોને વળતરમાં ઘણું જ મોડું કરવામાં આવી રહ્યું છે. ન્યુનત્તમ મજૂરી મેળવવાનો અધિકાર છીનવવામાં આવી રહ્યો છે. જેનાથી મજૂરોને દેવું અને ભૂખમરો તરફ ધકેલવામાં આવી રહ્યું છે. ગ્રામ પંચાયતોના હક્ક-અધિકારોને નબળા પાડવામાં




આવી રહ્યા છે. સ્થાનિક સ્તર પર કામની પસંદગી અને લાગુ કરવાની શક્તિ છીનવવામાં આવી રહી છે. જેનાથી ‘મનરેગા’નું વિકેન્દ્રીકૃત ઢાંચો ખતમ થઈ રહ્યો છે. રાજ્યો પર વધારાનો નાણાકીય બોજ નાખવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર પોતાના ભાગની જવાબદારી ઘટાડી ‘મનરેગા’ના બજેટમા કાપ મૂકી રહી છે. જેનાથી કામ બંધ થવાની સ્થિતિ બની રહી છે. કોંગ્રેસ દ્વારા ‘મનરેગા બચાવો’ આંદોલનના માધ્યમથી એ સ્પષ્ટ કરવામાં આવી રહ્યું છે કે ‘મનરેગા’ કોઈ દયા અથવા યોજના નહિ, પરંતુ મજૂરોના કાનૂની અને સંવૈધાનિક અધિકાર છે જેને કમજોર કરવા સીધે સીધો ગરીબોના જીવન અને આજીવિકા પર હુમલો છે. દાનહ કોંગ્રેસ દ્વારા ગ્રામીણ મજૂરો સાથે સંવાદ કરી તેઓને એમના અધિકાર, મનરેગા કાનૂન, ગ્રામસભાની ભૂમિકા અને

**- (વધુ પાના નં.૨ પર)**




## સુવિચાર - સદ્‌વિચાર

જીવન સરળ બનાવવા માટે
બે વસ્તુની ગણતરી છોડી દો
પોતાનું દુ:ખ અને બીજાનું સુખ

## કવિતા

### ભલો તને દરબાર

હજી વધારે હોય વીતક તો લઈ આવો કરતાર,
તમે દીધેલાં બધાં તમારે સ્હેવાં તારણહાર.

પાન અમે, સુખદુ:ખનાં ટીપાં પળમાં દડવી દઈએ,
ભલે હવામાં લ્હેરા લઈએ તોય ભોંયનાં રહીએ;

અમે એકલું વહ્યું આયખું, ભલો તને દરબાર
જંપ જડે તો પડખું અમથું જરાક ઢાળી લઈએ,

વિપત આવતી તો ચોખલિયે વધાવવાને જઈએ;
અજવાળે નકરાં અંધારાં થાતાં અમ આધાર.

\- ઉજમશી પરમાર

## આજની જોક

શિક્ષક - કાલે હું સૂર્ય પર લેક્ચર આપવાનો છું,
તમારે ક્લાસ ચૂકી ન જવું જોઈએ.
પપ્પુ-પણ હું આવી શકીશ નહીં મેડમ..
શિક્ષક-કેમ?
પપ્પુ-વાત એ છે કે મારી મમ્મી મને આટલી
દૂર જવા દેશે નહીં.

## કબીર વાણી

**એક હરિ એક માનિની, એક ભગત એક દાસ;**
**દેખો માયા ક્યા કિયા, ભિન્નભિન્ન કિયા પ્રકાશ.**

**\- અર્થાત-**

માયાના બે પ્રકાર છે, પહેલો (ઉત્તમ) પ્રકાર પરમેશ્વર તરફની માયા અને બીજો (અધમ) પ્રકાર તે સ્ત્રીઓ (તરફનો હવસ) છે; જે પરમેશ્વર તરફ જાય છે, તે ભગત થાય છે, જે સ્ત્રી તરફ યાને ઈંદ્રિઓનાં વિષયો તરફ ખેંચાય છે તે નોકર બને છે, એવા એવા અનેક પ્રકારના માયાના ખેલો છે, તે તમે જુવો.

## આજનો દિન વિશેષ

### મેજર મોહિત શર્મા





મેજર મોહિત શર્મા એસી એસએમ(૧૩ જાન્યુઆરી ૧૯૭૮-૨૧ માર્ચ ૨૦૦૯) ભારતીય સેનાના એક અધિકારી હતા જેમને મરણોત્તર અશોક ચક્ર, ભારતનો સર્વોચ્ચ શાંતિ સમયનો લશ્કરી સન્માન એનાયત કરવામાં આવ્યો હતો. શર્મા ચુનંદા -થમ પેરા એસએફમાંથી હતા.

૨૧ માર્ચ ૨૦૦૯ ના રોજ, તેઓ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા સેક્ટરના હાફરુદા જંગલમાં આતંકવાદીઓ સાથેના મુકાબલામાં જોડાયા હતા. તેમણે ચાર આતંકવાદીઓને મારી નાખ્યા અને બે સાથીઓને બચાવ્યા, પરંતુ તેમને ઘણી વખત ગોળી વાગી હતી. આ કૃત્ય માટે, તેમને મરણોત્તર અશોક ચક્ર એનાયત કરવામાં આવ્યું હતું, જે ભારતમાં શાંતિ સમયનો સર્વોચ્ચ લશ્કરી સન્માન છે. તેમની કારકિર્દીની શરૂઆતમાં તેમને બે શૌર્ય સન્માન એનાયત કરવામાં આવ્યા હતા. પહેલું ઓપરેશન રક્ષક દરમિયાન અનુકરણીય આતંકવાદ વિરોધી ફરજો માટે COAS પ્રશંસા કાર્ડ હતું, જે પછી ૨૦૦૫માં ગુપ્ત કાર્યવાહી પછી બહાદુરી માટે સેના મેડલ આપવામાં આવ્યો હતો.

૨૦૧૯ માં, દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને ગાઝિયાબાદના રાજેન્દ્ર નગર મેટ્રો સ્ટેશનનું નામ બદલીને મેજર મોહિત શર્મા રાજેન્દ્ર નગર મેટ્રો સ્ટેશન રાખ્યું.

શરૂઆતનું જીવન અને શિક્ષણ : તેમના પિતાનું નામ રાજેન્દ્ર પ્રસાદ શર્મા છે અને માતાનું નામ સુશીલા શર્મા છે. તેઓ શર્મા પરિવારના બીજા ક્રમના પુત્ર હતા. તેમણે ૧૯૯૫ માં દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાઝિયાબાદમાંથી ૧૨મું શિક્ષણ પૂર્ણ કર્યું અને ત્યારબાદ તેમણે NDA પરીક્ષા આપી. તે જ સમયે તેમણે શ્રી સંત ગજાનન મહારાજ કોલેજ ઓફ એન્જિનિયરિંગ, શેગાંવ, મહારાષ્ટ્રમાં પ્રવેશ મેળવ્યો, જે દરમિયાન તેમણે ભોપાલથી SSB ઈન્ટરવ્યુ પાસ કર્યો અને ડિસેમ્બર ૧૯૯૫માં રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમી (ફઝખ) માં જોડાયા. [૧૦]

લશ્કરી કારકિર્દી : શર્મા ૧૯૯૮માં ભારતીય લશ્કરી એકેડેમી (IMA) માં જોડાયા. IMAમાં, તેમને બટાલિયન કેડેટ એડજ્યુટન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. સ્નાતક થયા પછી તેમને મદ્રાસ રેજિમેન્ટની પમી બટાલિયનમાં સામેલ કરવામાં આવ્યા. ડિસેમ્બર ૧૯૯૯ માં તેમને લેફ્ટનન્ટ તરીકે કમિશન આપવામાં આવ્યું.તે ગુપ્ત ઓળખાણ હેઠળ આતંકવાદી સંગઠનોમાં ઘૂસણખોરીનો સમાવેશ કરતી અનેક આતંકવાદ વિરોધી કામગીરીમાં રોકાયેલો હતો.

## આજની ઔષધી : લસણ

**લસણની દરરોજ એક કળી ખાવાથી વૃદ્ધાવસ્થામાં થશે બમ્પર ફાયદા, ફંગલ ઈન્ફેક્શનને કરશે દૂર**

રસોડામાં જોવા મળતું લસણ અનેક પ્રકારના ઘરગથ્થુ ઉપાયોમાં ખૂબ ઉપયોગી છે. લસણની એક કળી આરોગ્ય માટે ખૂબ જ લાભકારી છે. જો તમે યુવાન વયથી જ લસણ ખાવા શરૂ કરો તો વૃદ્ધાવસ્થાની અનેક બીમારીઓથી બચી શકો છો. પર્વતીય લોકોના જણાવ્યા અનુસાર, લસણ ખાલી પેટ ખાવું જોઈએ. સવારમાં ખાલી પેટ ખાવાથી તેનો અસર વધુ થાય છે. સામાન્ય રીતે ઘરોમાં લસણને મસાલા તરીકે ઉપયોગમાં લેવાય છે, પરંતુ તમે તેને ઔષધીય રૂપે પણ ખાઈ શકો છો. પકાવા કરતાં કાચું ખાવું વધુ સારું છે, કારણ કે કાચા લસણમાં પકાવેલા લસણની તુલનામાં વધુ પોષક તત્વો હોય છે.

આ રીતે સેવન કરો : પેટ સંબંધિત બીમારીઓને ઘટાડવા માટે એક કે બે કળી કાચું લસણ ચાવી લો. તેને દહીં અથવા મધ સાથે મિક્સ કરીને પણ ખાઈ શકો છો. ગરમ પાણી સાથે ગળી પણ શકાય છે.

---

પતંગ મહોત્સવમાં પહોંચ્યા મોદી અને જર્મન ચાન્સેલર

# મોદીએ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનો શુભારંભ કરાવ્યો

## ૫૦ દેશોના ૧૩૫ થી વધુ વિદેશી મહેમાનો અને ભારતના ૧૩ રાજ્યોના ૬૫ પતંગોત્સવમાં ભાગ લીધો હતો





**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૧૨**

પ્રધાનમંત્રી મોદીના ગુજરાત પ્રવાસનો આજે છેલ્લો દિવસ છે. ત્યારે તેઓ જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝ સાથે ગાંધી આશ્રમની મુલાકાતે પહોંચ્યા હતા. જેના બાદ બંને મહાનુભાવો અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે યોજાયેલ કાઈટ ફેસ્ટિવલ ખાતે પહોંચ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતમાં આજે ત્રીજો દિવસ છે. આજે પીએમ મોદી જર્મનીના ચાન્સેલર સાથે મુલાકાત કરી હતી અને સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી.

આજથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ રિવર ફ્રન્ટ ખાતે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ ૨૦૨૬ નો શુભારંભ કરાવ્યો. જર્મન ચાન્સલર ફ્રેડરિક મર્જ પણ ઉપસ્થિત રહ્યા. ૫૦ દેશોના ૧૩૫ થી વધુ વિદેશી મહેમાનો અને ભારતના ૧૩ રાજ્યોના ૬૫ જ્યારે ગુજરાતના ૧૬ જિલ્લાઓના ૮૭૧ પતંગબાજોએ આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ભાગ લીધો. રશિયા, કોલમ્બિયા, રીપબ્લિક ઓફ કોરિયા, ઈન્ડોનેશિયા જેવા જુદા જુદા દેશોથી પતંગબાજો રિવરફ્રન્ટ પહોંચ્યા છે. તેઓ અમદાવાદની યજમાની સ્વીકારી ખુશ જોવા મળ્યા. ઘણા પતંગબાજો છેલ્લા ઘણા વર્ષોથી અમદાવાદમાં યોજાતા ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં હાજરી આપવા આવે છે.

ભારતના પ્રધાનમંત્રીના આગમનને લઇ વિદેશી મહેમાનો પણ ઉત્સાહમાં જોવા મળ્યા. ઈન્ડોનેશિયાના પતંગબાજોએ અનોખી રીતે પ્રધાનમંત્રીને શુભેચ્છા પાઠવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચહેરાનું ચિત્ર પતંગ ઉપર કંડાર્યું કર્યું. એક મહિનાની સતત મહેનતથી પતંગ તૈયાર કરી. તેમણે ઢઈઈ ૨૪ કલાક સાથે વાતચીત કરતા જણાવ્યું કે સાત વર્ષ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારત અને ઈન્ડોનેશિયાની મિત્રતાની શુભકામના પાઠવવા ઈન્ડોનેશિયા ગયા હતા. આજે તેઓ ભારતમાં પ્રધાનમંત્રી ને મળે શુભકામનાઓ પાઠવી રહ્યા છે. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેવા પહોંચી ગયા છે. PMના પ્રવાસને લઈને તમામ જગ્યાએ લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

---

ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડી

# દિલ્હીથી કાશ્મીર સુધી કોલ્ડવેવને લઈ હવામાન દ્વારા એલર્ટ જારી

**ઉત્તર પ્રદેશમાં સવારના કલાકો દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૧૨**

ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ યથાવત છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં તાપમાન શૂન્યથી નીચે આવી ગયું છે. આ દરમિયાન, દિલ્હીમાં આ વર્ષે પહેલીવાર લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, આગામી થોડા દિવસો સુધી તીવ્ર ઠંડી ચાલુ રહેવાની ધારણા છે. ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં પણ તીવ્ર ઠંડીની સ્થિતિ ઉત્પન્ન શકે છે.

હવામાન વિભાગે પૂર્વી અને પશ્ચિમ રાજસ્થાન માટે રેડ એલર્ટ જારી કર્યું છે, જેમાં તીવ્ર ઠંડીની લહેર અને અત્યંત ગાઢ ધુમ્મસની આગાહી કરવામાં આવી છે. વધુમાં, સાત રાજ્યો માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે: હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ અને બિહાર, જેમાં ગાઢ ધુમ્મસની અપેક્ષા છે. હવામાન વિભાગની લેટેસ્ટ આગાહીમાં ચેતવણી આપવામાં આવી છે કે આગામી થોડા દિવસો સુધી ગાઢ ધુમ્મસનો ખતરો ચાલુ રહેશે.

હવામાન વિભાગની આગાહી મુજબ, "ઉત્તર પ્રદેશમાં, ૧૩ જાન્યુઆરી સુધી સવારના કલાકો દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે, જ્યારે ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી કેટલાક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની આગાહી છે.

બિહારમાં, ૧૨ જાન્યુઆરી સુધી સવારના કલાકો દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે અને ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી કેટલાક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની આગાહી છે."

અહેવાલમાં જણાવાયું છે કે જમ્મુ વિભાગ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબમાં ૧૬ મી તારીખ સુધી હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં ૧૭ મી તારીખ સુધી, પશ્ચિમ રાજસ્થાનમાં ૧૩ મી તારીખ સુધી, પૂર્વી રાજસ્થાન અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ૧૪મી તારીખ સુધી અને આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૧૪ મી જાન્યુઆરીએ સવારના કલાકો દરમિયાન ગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની શક્યતા છે.

દિલ્હી અને સમગ્ર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCR) માં ઠંડીનો પ્રકોપ યથાવત છે. સોમવારે સવારે પણ તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો હતો, જોકે દિવસે તડકો હતો. શહેરના ઘણા હવામાન મથકો પર લઘુત્તમ તાપમાન લગભગ ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું. જાન્યુઆરી ૨૦૨૩ પછી આ મહિનાનો સૌથી ઠંડો દિવસ હતો. IMD અનુસાર, ૧૬ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ લઘુત્તમ તાપમાન ઘટીને ૧.૪ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું.

---

એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી

# મહિલાએ માસૂમ બાળકને જમીન પર પટકી અને ઢસડીને માર માર્યો

**આ પાછળનું કારણ માત્ર એટલું જ હતું કે બાળકે મહિલાના ઘરની ડોરબેલ વગાડી હતી**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૧૨**

સુરતના સરથાણા વિસ્તારમાં એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. શહેરના યોગી ચોક પાસે આવેલી સિલિકોન રેસિડેન્સીમાં રહેતા સુધીરભાઈ વઘાસિયાના ૭ વર્ષના પુત્રને એક મહિલાએ એટલી ક્રૂરતાથી માર માર્યો કે બાળકને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ પાછળનું કારણ માત્ર એટલું જ હતું કે બાળકે મહિલાના ઘરની ડોરબેલ વગાડી હતી.

વાયરલ થયેલા CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે, અપેક્ષાબેન નામની મહિલાએ માનવતા નેવે મૂકીને માસૂમ બાળકને પકડી લીધો હતો. મહિલાએ બાળકને જમીન પર ઢસડ્યો અને પટકીને માર માર્યો હતો. આ હિંસક હુમલાના કારણે માસૂમ બાળકને પેટના ભાગે અને જમણા પગે ગંભીર ઈજાઓ થઈ છે. જમીન પર ઢસડાવાને કારણે બાળકનો પગ સોજી ગયો છે અને તે હાલમાં ભયભીત અવસ્થામાં છે.બાળકના પિતા સુધીરભાઈ વઘાસિયાએ આ મામલે ન્યાય મેળવવા માટે સરથાણા પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે.

પરિજનોની માગ છે કે, માસૂમ બાળક સાથે આવું અમાનવીય કૃત્ય કરનાર મહિલા અપેક્ષાબેન સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. સોસાયટીના રહીશોમાં પણ આ ઘટનાને લઈને રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે હાલમાં CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. એક માસૂમ બાળક સાથે માત્ર રમત-રમતમાં ડોરબેલ વગાડવા જેવી નજીવી બાબતે થયેલી આ ક્રૂરતાએ સમાજમાં ચર્ચા જગાવી છે.

---

# PSI-LRDની શારીરિક કસોટી માટે કોલ લેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા શરૂ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૧૨**

ગુજરાતમાં ખાખી પહેરવાનું સપનું જોતા લાખો યુવાનો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક (LRD) કેડરની સીધી ભરતી માટેની શારીરિક ક્ષમતા કસોટીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. રાજ્યમાં આગામી ૨૧ જાન્યુઆરીથી શારીરિક પરીક્ષાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ત્યારે શારીરિક કસોટી માટે કોલ લેટર ડાઉનલોડ કરવાની પ્રક્રિયા આજે બપોરે ૨ વાગ્યાથી શરૂ થઈ ગઈ છે.લાંબા સમયની પ્રતિક્ષા બાદ હવે ભરતી બોર્ડ દ્વારા પરીક્ષાનું સમયપત્રક સ્પષ્ટ કરવામાં આવ્યું છે. જે ઉમેદવારોએ આ કેડર માટે અરજી કરી છે, તેઓની શારીરિક ક્ષમતા કસોટી આગામી ૨૧ જાન્યુઆરીથી શરૂ થશે. રાજ્યના વિવિધ કેન્દ્રો પર કડક બંદોબસ્ત અને આધુનિક ટેક્નોલોજીના દેખરેખ હેઠળ આ પરીક્ષા લેવામાં આવશે.ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા લાંબા સમયથી પ્રતીક્ષિત પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક દળ(LRD)ની શારીરિક કસોટીની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં વર્ગ-૩ સંવર્ગની કુલ ૧૩,૫૯૧ જગ્યાઓ માટે યોજાનારી આ ભરતી પ્રક્રિયા અંતર્ગત આગામી ૨૧મી જાન્યુઆરીથી શારીરિક કસોટી શરુ થઈ જશે. ત્યારે GPRB/૨૦૨૫૨૬/૧ અન્વયે PSI અને લોકરક્ષક કેડરની શારીરિક કસોટી માટે ઉમેદવારો પોતાનું કોલલેટર આજે ૧૨મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજથી ડાઉનલોડ કરી શકશે.

ગુજરાત પોલીસ વિભાગમાં ખાલી પડેલી PSI અને LRDની કુલ ૧૩,૫૯૧ જગ્યાઓ માટે લાખો ઉમેદવારોએ અરજી કરી છે. શારીરિક કસોટી એ આ ભરતી પ્રક્રિયાનો પ્રથમ અને અત્યંત મહત્ત્વનો તબક્કો છે. જે ઉમેદવારો દોડ અને અન્ય શારીરિક માપદંડોમાં પાસ થશે, તેઓ જ લેખિત પરીક્ષા માટે પાત્ર ગણાશે.ભરતી બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઉમેદવારોએ સમયસર કોલલેટર ડાઉનલોડ કરી લેવા અને તેમાં દર્શાવેલા સ્થળ તેમજ સમય મુજબ હાજર રહેવું. ઉમેદવારોએ શારીરિક કસોટીના દિવસે કોલ લેટરની પ્રિન્ટ સાથે ઓરિજિનલ આઈડી પ્રૂફ (આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ વગેરે) અને પાસપોર્ટ સાઈઝના ફોટા, જરૂરી ઓરિજિનલ ડૉક્યુમેન્ટ્સ સાથે રાખવા અનિવાર્ય છે. શિયાળાની મોસમ હોવાથી વહેલી સવારે દોડનું આયોજન કરવામાં આવશે, જેથી ઉમેદવારોએ સમયસર ગ્રાઉન્ડ પર પહોંચવું હિતાવહ છે.

પોલીસ ભરતી બોર્ડ દ્વારા દર વખતની જેમ આ વખતે પણ શારીરિક કસોટી અત્યંત પારદર્શક રીતે અને ટૅક્નોલૉજીના ઉપયોગ સાથે લેવામાં આવશે. દોડ માટે RFID ચીપનો ઉપયોગ કરવામાં આવશે જેથી સમયની સચોટ નોંધણી થઈ શકે. મેદાનો પર સીસીટીવી કેમેરા અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને સોશિયલ મીડિયા પર વહેતી થતી અફવાઓથી દૂર રહેવા અને માત્ર સત્તાવાર વેબસાઈટ પરની માહિતીને જ સાચી માનવા અપીલ કરવામાં આવી છે. શારીરિક કસોટી પાસ કરનાર ઉમેદવારો જ આગામી લેખિત પરીક્ષા માટે લાયક ઠરશે.

ગુજરાત પોલીસ દળમાં જોડાવા માંગતા હજારો ઉમેદવારો માટે આ એક નિર્ણાયક તબક્કો છે. ભરતી બોર્ડ દ્વારા પારદર્શક રીતે પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે પૂરતી તૈયારીઓ કરી લેવામાં આવી છે.

---

# મારુતિ સુઝુકીએ ગુજરાતમાં મોટા રોકાણની જાહેરાત કરી

**મારુતિ સુઝુકી કંપનીના બોર્ડે ગુજરાતમાં નવા ઉત્પાદન માટે જમીન સંપાદનના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૧૨**

દેશની સૌથી મોટી કાર કંપની મારુતિ સુઝુકી મોટું રોકાણ લાવી રહી છે. મારુતિ સુઝુકીના ડિરેક્ટર બોર્ડે ગુજરાતમાં રૂ.૪,૯૬૦ કરોડના જમીન સંપાદન પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

હાલ ગુજરાતમાં ચાલી રહેલા વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ચાલી રહી છે, ત્યાં બીજી તરફ, ગુજરાતમાં એક કાર કંપનીએ ગુજરાતમાં મોટું રોકાણની જાહેરાત કરી છે. દેશની ટોચની ઓટોમોબાઈલ ઉત્પાદક મારુતિ સુઝુકી ઈન્ડિયાના ડિરેક્ટર બોર્ડે ગુજરાતમાં જમીન સંપાદન અને તેની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે રૂ.૪,૯૬૦ કરોડના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જે અંતર્ગત ગુજરાતમાં ૧૦ લાખ યુનિટ સુધીની ક્ષમતા વધારવાનો પ્રસ્તાવ મૂકાયો છે.

મારુતિ સુઝુકીની ટીમે ગુજરાતમાં જમીન સંપાદન કરવાની યોજનાને લીલીઝંડી આપી દીધી છે. ભારતમાં કારની સતત વધી રહેલી ડિમાન્ડને પહોંચી વળવા માટે જાપાનની સૌથી મોટી કાર ઉત્પાદક કંપનીનો હેતુ ભારતમાં વાર્ષિક ઉત્પાદન ક્ષમતામાં ૧૦ લાખ યુનિટનો વધારો કરવાનો છે.

આ માટેનો કુલ અંદાજિત ખર્ચ ૪૯૬૦ કરોડ રૂપિયા છે. ગુજરાતના ખોરજ જીઆઈડીસીમાં આ પ્રોજેક્ટ અમલમાં મૂકાશે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ પાસેથી જમીન સંપાદનની મંજૂરી મળી છે તેવી કંપનીના ડિરેક્ટર બોર્ડે સોમવારે યોજાયેલી બેઠકમાં જણાવ્યું. ગત વર્ષે જાપાનની ઓટોમોબાઈલ કંપની મારુતિ સુઝુકી મોટર કોર્પોરેશને જાહેરાત કરી હતી કે, આગામી ૫ થી ૬ વર્ષમાં ભારતાં ૭૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ ઈન્વેસ્ટમેન્ટનો ઉપયોગ ઉત્પાદન ક્ષમતા, નવા કાર મોડલ લાવવામાં અને ભારતીય બજારમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભારત વિશ્વનું ત્રીજુ સૌથી મોટું ઓટોમોબાઈલ સેક્ટર ધરાવે છે. સુઝુકી મોટર કોર્પોરેશનના ચેરમેન તોશીહિરો સુઝુકીએ ગત વર્ષે આ જાહેરાત ગુજરાતના હાંસલપુર પ્લાન્ટમાં મારુતિની પહેલી ઈલેક્ટ્રીક એસયુવી ઈ વિટારા માર્કેટમાં લોન્ચ કરવાના સમયે કરી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઈલેક્ટ્રીક કારને લીલીઝંડી બતાવી હતી.

ઈ-વિટારાના લોન્ચિંગ પ્રસંગે તોશીહિરોએ કહ્યું હતું કે, ભારતની સતત ગતિશીલતા અને વિકસિત ભારતની દિશામાં કંપની સમગ્ર રીતે પ્રતિબદ્ધ છે. ભારત સુઝુકીનું સૌથી મોટું કાર માર્કેટ છે. મારુતિ સુઝુકી દેશની નંબર ૧ કાર નિર્માતા કંપની છે. અત્યાર સુધી કંપનીએ ભારતમાં ૧ લાખ કરોડ ૨ રૂપિયાથી વધુનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે, અને પોતાની વેલ્યૂ ચેનમાં ૧૧ લાખથી વધુ પ્રત્યક્ષ નોકરીઓ પેદા કરી છે. નવા રોકાણથી ગુજરાતમાં નવી નોકરીઓ પણ આવશે. વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગુજરાતમાં નવી નોકરીઓનું સતત સર્જન થઈ રહ્યુ છે, તેમાં હવે વધુ એક કંપનીના રોકાણની જાહેરાતથી નોકરીઓ આવશે.

---

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દીવ જિલ્લામાં ટ્રાફિકના...**

આજે દીવના મલાલા સર્કલ પર એડિશનલ ડાયરેક્ટર ટ્રાન્સપોર્ટ શ્રી શિવમ મિશ્રા, દીવ આર.ટી.ઓ. ઓફિસર શ્રી અભિનવ, પી.આઈ. શ્રી રમેશ ગાંવિત, પી.એસ.આઈ. બેલ્ટેન્ડ અજમેડો પોલીસ સ્ટાફ, આર.ટી.ઓ. સ્ટાફ વગેરેના હસ્તે ટ્રાફિકના દરેક નિયમોનું પાલન કરનારા વાહનચાલકોને ગુલાબના ફૂલ સાથે હેલ્મેન્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા એડિશનલ ડાયરેક્ટર ઓફ ટ્રાન્સફર શ્રી શિવમ મિશ્રા દ્વારા રાહદારીઓને ટ્રાફિક નિયમોના પાલન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. દરમિયાન ટુ વ્હીલરચાલકોએ હંમેશા હેલમેટ પહેરવા, ફોર વ્હીલર ચાલકોએ સીટ બેલ્ટ બાંધવો, લિમિટેડ સ્પીડ રાખવી, જેવા ટ્રાફિક નિયમોને લઈ જાણકારી આપવામાં આવી હતી. આ માર્ગ સલામતી મહિના અંતર્ગત વિવિધ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે, વાહન ચાલકને હેલ્થ ચેકઅપ, પેન્ટિંગ સ્પર્ધા વગેરે પણ યોજાશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દાનહમાં કોંગ્રેસ દ્વારા...**

સામુહિક સંઘર્ષના મહત્ત્વની જાણકારી આપવામાં આવી સાથે ગ્રામસભાઓના માધ્યમથી 'મનરેગા'ની બહાલી અને મજબૂતીના માટે પ્રસ્તાવ પારિત કરવાની અપીલ કરવામાં આવી હતી.

અભિયાનના અંતમાં મુખ્ય માંગો રાખવામાં આવી હતી જેમાં કામની પુરી ગેરંટી અને સમય પર મજૂરી સાથે પુરુ વળતર આપવામાં આવે, 'મનરેગા'ના બજેટમાં પર્યાપ્ત વધારો કરવામાં આવે, ગ્રામ પંચાયતોના અધિકાર બહાલ કરવામાં આવે, 'મનરેગા'ને કમજોર કરવાવાળા દરેક બદલાવ તરત પરત લઈ લેવામાં આવે વગેરે. 'મનરેગા બચાવો' સંગ્રામ આવનાર સમયમાં પણ મજૂરોના હકની આ લડાઈને મજબુતીથી આગળ વધારવામાં, જેથી દરેક ગ્રામીણ પરિવારને રોજગાર, સમ્માન અને સુરક્ષા મળી શકે.

# રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડના ફલધરામાં 'આદિવાસી આંગણે-૨૦૨૬' કાર્યક્રમ યોજાયો

**કળા અને સંસ્કૃતિનો લય લિપણ કરેલા સ્ટેજ પર ઘેરીયા, તારપા અને તુર જેવા પરંપરાગત નૃત્યોએ હજારોની મેદનીને મંત્રમુગ્ધ કરી**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વિસરાતી આદિવાસી સંસ્કૃતિ, કળા, ભોજન અને રમતને પુનઃ યાદ કરી નવી પેઢી સુધી પહોંચાડવાના એક અનોખા પ્રયત્નના ભાગરૂપે વલસાડ તાલુકાના ફલધરા ગામમાં રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રીશ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ડૉ. હેમંત પટેલ તથા સમસ્ત ફલધરા ગામવાસીઓ દ્વારા આયોજીત 'આદિવાસી આંગણે-૨૦૨૬' ઉત્સવ સંસ્કૃતિના નામે ભવ્ય મેળો યોજાયો હતો, જેમાં વિસરાતી પરંપરાઓનો સંગમ જોવા મળ્યો હતો. ફલધરા પુરણેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં યોજાયેલા 'આદિવાસી આંગણે'માં ડૉ.ડી.સી.પટેલ, રશ્મિબેન પટેલ, ડૉ. હેમંત પટેલ, ડૉ.નિતલ પટેલ પરિવાર તથા ગામના આગેવાનોએ પ્રકૃતિ પૂજા કર્યા બાદ ઉત્સવની પરંપરાગત શરૂઆત કરી હતી. સરકારના આદિજાતી વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ પણ તુર ઉપર તાલ મેળવ્યા હતા.

આ અવસરે રાજયના આદિજાતી વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલે જણાવ્યું કે, ખૂબ સારા વિઝન સાથે એક નવી પેઢીને પ્રેરણા મળે આપણી સંસ્કૃતિનું જતન થાય એવા ભાવ સાથે ડૉ.હેમંત પટેલ તથા તેમની ટીમ અને ડૉ.ડી.સી.પટેલનું માર્ગદર્શન તેમજ આગેવાનો, ગ્રામજનોના પ્રયત્નોથી ગુજરાતમાં આ પ્રકારનો કાર્યક્રમ પ્રથમ વખત થઇ રહ્યો છે. તેમણે આદિવાસી સંસ્કૃતિ, કલા, ભાષાના જતન માટેના તમામ પ્રયત્નો માટે પોતાનો સહયોગ આપવાની ખાતરી આપી હતી.

વલસાડ-ડાંગના સાંસદશ્રી અને લોકસભાના દંડકશ્રી ધવલભાઇ પટેલે આદિવાસી સમાજની પ્રતિભાઓને નિખારવા માટે સારૂ પ્લેટફોર્મ આદિવાસી આંગણે બન્યું છે એના માટે ડૉ. હેમંત પટેલ તથા ટીમને શુભકામના આપી સરાહના કરી હતી.

સમગ્ર ફલધરાના ગામવાસીના સહયોગથી આયોજન કરનાર ડૉ.હેમંત પટેલે જણાવ્યું કે, આપણા પરદાદા, પૂર્વજો, દાદા-દાદી, ભાઇ-બહેન આપણો સમાજ ઓટલા, આંગણે બેસી સમાજની વ્યવસ્થા ગોઠવતા હતા. સારા-ખરાબ, શુભ-અશુભ, સુખ દુઃખ દરેક નિર્ણયો આપણા ઓટલા પર થતા હતા. આજે સમયના પરિવર્તન સાથે આદિવાસી આંગણું ભુલાયું છે. આપણું આંગણું આપણી માનસિક હોસ્પિટલ છે. આજનો કાર્યક્રમ કાર્યક્રમ નથી પણ એક જોરદાર શરૂઆત છે. રેહણીકરણી ભૂલવાથી હાર્ટએટેક, કેન્સર, લકવો, ડાયાબીટીસ અને પ્રેશરની બીમારી વધી છે. નાગલી, ભુજ્યુ, આંબીલ, દાળ, કઠોળ, પેજવું, લીલા શાકભાજી અપનાવી સ્વાસ્થ્ય બાબતે જાગૃત થવું પડશે. ભવ્ય ભારતના ઘડતર કરી શકીએ એ માટે મા-બાપ સાથે રહેવા અપીલ કરી હતી.

વધુમાં તબીબે સમાજ, પરિવાર સાથે ઉભા થઇ આવનારા ૧૦ વર્ષમાં અહીંથી આઈએએસ, આઈપીએસ બને એવા સહિયારા પ્રયાસ કરીશું એમ કહી આદિવાસી સમાજને યોગ્ય દિશામાં લઇ જશુ અને યુવાધનને ભાવિ ભારતના ઘડતરમાં લાવવાની હાકલ કરી હતી. આ કાર્યક્રમના સંચાલક જાણીતા સાહિત્યકાર, લેખક કુલીન પટેલે કહ્યું કે, આ પૂર્ણાહુતી નથી પણ શરૂઆત થઇ છે.

કાર્યક્રમમાં ઘેરીયા, તારપા નાચ, લગ્ન ગીત, ઢોલ નાચ, ઠાકરે નૃત્ય, માવલી માતાની પૂજા અને તુર હરીફાઈ જેવા પરંપરાગત લોકનૃત્યોની રજૂઆત પરંપરાગત કલાકારો દ્વારા થઇ હતી. આદિવાસી સમાજના જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફલ્યુએન્સર, યુટ્યુબરે મનોરંજનની સાથે ધુમ્રપાન, તમાકુ, દારૂ સહિતના વ્યસનથી મુક્તિ, બેફામ ગતિથી વાહન હંકારવાથી અકસ્માતની સ્થિતિમાં સમગ્ર પરિવારને મુશ્કેલી સહિતના અનેક સમાજ ઉપયોગી સંદેશ લોકોને આપ્યા હતા. આ અનોખા મેળામાં દક્ષિણ ગુજરાતમાં વસતા આદિવાસી સમાજના વિવિધ લોકગીત, લોકધૂન, લોકનૃત્યની જાણીતી મંડળીઓએ કરેલી પ્રસ્તુતિ હજારોની જનમેદનીએ માણી વધાવી હતી. બાળકોએ લંગડી, પથરા, લખોટી-લખોટા, ગિલ્લી દંડા, કુંદાણિયું, સાત ઠીકરી, ચોસર, મુળી જેવી પરંપરાગત રમતો રમી હતી. આદિવાસીના પારંપરિક ભોજન વાનગીના ઉભા કરાયેલા વિશેષ સ્ટોલ પર પરંપરાગત આદિવાસી આરોગ્યપ્રદ વાનગીઓ સૌએ માણી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઇ પટેલ, વલસાડ જીલ્લા સંગઠન પ્રમુખશ્રી હેમંતભાઇ કંસારા, ધરમપુર શહેર સંગઠન પ્રમુખ અમિત ચોરેરા, ખેરલાવ સરપંચ શ્રી મયંકભાઈ પટેલ, ફલધરાના સામાજીક કાર્યકર શ્રી ભુપેનભાઈ પટેલ, શ્રી વિજયભાઈ પટેલ, શ્રી કમલેશ પટેલ, તથા અગ્રણીઓ, યુવાનો તેમજ ડૉ.વિપુલ પટેલ, સાહિત્યકાર ડાહ્યાભાઇ વાઢુ, ભગીરથભાઈ, સમસ્ત આદિવાસી સમાજ ગુજરાત પ્રમુખ ડૉ. પ્રદીપ ગરાસિયા, લોક મંગલમ ચેરિટેબલ ટ્રસ્ટ ખોબાના સંસ્થાપક ગાંધીવાદી નિલમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના તીથલ રોડ પર સરદાર હાઈટ્સમાં ત્રિદિવસીય નિઃશુલ્ક યોગ શિબિર યોજાઈ



**મોડી રાત્રે સુવા માટે ડરવું જોઈએ, વહેલી સવારે ઉઠવા માટે ડરવું ન જોઈએ : સાધ્વી દેવાદીતી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વલસાડના તીથલ રોડ પર સ્થિત સરદાર હાઈટ સોસાયટીમાં સ્વામી રામદેવજી મહારાજના શિષ્ય સાધ્વી દેવાદીતીએ મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા આયોજિત ત્રિદિવસીય નિઃશુલ્ક યોગ શિબિરમાં શહેરીજનોને યોગ કરાવી તેનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, મોડી રાત્રે સુવા માટે ડરવું જોઈએ, વહેલી સવારે ઉઠવા માટે ડરવુ ન જોઈએ. પિઝા અને બર્ગર ખાવાથી ડરવું જોઈએ, રોગથી ડરવું જોઈએ પણ યોગથી ના ડરવું જોઈએ એવી શીખ આપી હતી.

સાધ્વી દેવાદેતીના સાનિધ્યમાં તનુજા આર્યના માર્ગદર્શનમાં આ યોગ શિબિર સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. વલસાડ પાલિકાના માજી પ્રમુખ શ્રીમતી સોનલબેન સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ ક્લબ ઓફ વલસાડના પદાધિકારી હેમલભાઈ પટેલ, ડો.અમરીશભાઈ મણિયાર, હરેશભાઈ શેઠના, રાજેશભાઈ જયસ્વાલ, રીટાબેન દેસાઈ, અખિલ ભારતીય મહિલા મંડળ પ્રમુખ કિન્નરીબેન શ્રોફ, ડો. શૈલજાબેન મહસ્કર, ડો.મુફતી, મહિલા પતંજલિ યોગ સમિતિના રાજ્ય સંવાદ પ્રભારી પુષ્પા સાગઠીયા, જિલ્લા પ્રભારી મીના તોલાની સહિતના પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા. શિબિરને સફળ બનાવવા માટે સરદાર હાઈટ્સના પ્રમુખ હેતલભાઈએ સહયોગ આપ્યો હતો.

# વલસાડના અબ્રામાની સ્કૂલમાં યોગ બોર્ડ દ્વારા શિક્ષકોને યોગ શીખવાડાયા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર, અબ્રામા, વલસાડના સહયોગથી "Body & Mind Fit & Fine" કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષક ભાઈ-બહેનોને યોગની અમૃતમય અનુભૂતિ થઈ હતી.

યોગ કોચ મનીષા ઠાકોરના માર્ગદર્શનમાં બાળકોને ગીત, ગમ્મત અને ગતિ સાથે યોગ કરાવવાની રીત શીખવી હતી. યોગાચાર્ય દુષ્યંતભાઈ મોદી અને નયનાબેન મોદી એ સુંદર રીતે યોગ આસનો કરાવી મન અને શરીર બંને ફ્રેશ કર્યા હતા. ઝોન કો-ઓર્ડીનેટર પ્રીતિબેન પાંડે એ યોગનું મહત્વ, ફાયદા અને બાળકો માટે તેની ઉપયોગિતા વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમથી શિક્ષકોને બાળકોને યોગ શીખવવાની નવી, આનંદદાયક અને અસરકારક રીત મળી હતી. શાળા દ્વારા યોગ કોચ મનીષા ઠાકોર અને સમગ્ર ટીમનો આભાર માન્યો હતો.

# વલસાડ બીઆરસી ભવન ખાતે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો: ૩૮૩ દિવ્યાંગ બાળકોને રૂા. ૪૦ લાખની સાધન સહાય વિતરણ કરાઈ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

સમગ્ર શિક્ષા ગાંધીનગર પ્રેરિત સમાવેશી શિક્ષણ શાખા હેઠળ સમગ્ર શિક્ષા વલસાડ અને એલીમ્કોના સંયુક્ત ઉપક્રમે બીઆરસી ભવન ધરમપુર, વાપી અને વલસાડ ખાતે અંદાજીત ૩૮૩ જેટલા દિવ્યાંગ બાળકો સાધન સહાય વિતરણ કેમ્પમાં હાજર રહ્યા હતા. તેઓને અંદાજીત રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- (ચાળીસ લાખ) જેટલી સહાયના વિવિધ સાધનાનું વિતરણ કરવામાં આવ્યું.

આ કેમ્પમાં નાયબ નિયામકશ્રી RMSA શાળાઓ અને સ્ટેટ આઆઈડી કો.ઓ.શ્રી અર્ચનાબેન ચૌધરી ઓનલાઈન વર્ચ્યુઅલ માધ્યમથી સાધન સહાય વિતરણ કેમ્પમાં જોડાઈ બાળકો, વાલીઓ અને સમગ્ર શિક્ષા વલસાડના કર્મચારીઓને માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી. આ કાયર્ક્રમ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ડી.બી.વસાવા અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો. રાજેશ્રી ટંડેલના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં આઈઈડી કો.ઓ.અમિતકુમાર રાવલ, બીઆરસી કો.ઓ.મિતેશકુમાર પટેલ અને બીપીનભાઈ પટેલ તેમજ બીટ નિરીક્ષક હરેશભાઈ અને નિવૃત્ત બેન્ક કર્મચારી શ્રી ભરતભાઈ હાજર રહ્યા હતા. આ કેમ્પનું સમગ્ર આયોજનમાં હાજર રહેનાર તમામ સમગ્ર શિક્ષાના સ્પે.એજ્યુકેટર અને સ્પે. ટીચરના સહયોગથી કાર્યક્રમ સફળતાથી પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# પારડીની એન.કે.દેસાઈ કોલેજ દ્વારા ફૂડ કાર્નિવલ યોજાયો






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડી દ્વારા બે દિવસીય ફૂડ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૦ સ્ટોલમાં ૧૦૦ જેટલી અવનવી જમવાની વાનગીઓ વિદ્યાર્થીઓ અને સ્ટોલ ધારકો દ્વારા પીરસવામાં આવી હતી.

આ ફૂડ કાર્નિવલનો શુભારંભ પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખશ્રી હેમંતભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યો હતો અને તેઓએ સફળ આયોજન બદલ કોલેજની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે આર્ય સંસ્કાર ધામના શ્રી રમેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓમાં ધંધાકીય આવડત વધે તે માટે આ ફૂડ કાર્નિવલ ખૂબ જ જરૂરી થઈ રહેશે તેવું જણાવ્યું હતું.

આ પ્રસંગે મેહમાન તરીકે શ્રી દેવાંગ ભટ્ટ અને શ્રી જયપ્રકાશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. બાળકો માટે વિવિધ રમતો અને તેમાં વિજેતા બનવા બદલ ઈનામો આપવામાં આવ્યા હતા. કરાઓકે ગીતો અને ગરબાની રમઝટ બધાને આકર્ષી ગઈ હતી. પારડીની સર્વ જનતાએ આ ફૂડ કાર્નિવલનો લાભ લીધો હતો તે બદલ કોલેજના ડાયરેક્ટર ડો. દીપેશ શાહ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

આ સમગ્ર આયોજન કોલેજના પ્રાધ્યાપક શ્રી નિરવ સુરતી અને આકાંક્ષા પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીના સ્ટુડની યુનિયન ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કાંજણરણછોડ ખાતે સમસ્ત બાવીસા કુળ પરિવાર સંમેલન યોજાયું: બાવીસા પરિવારના ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષનું વિશેષ સન્માન કરાયું







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

સમસ્ત બાવીસા કુળ પરિવારનું સંમેલન વલસાડ તાલુકાના કાજણરણછોડ ખાતે બાવીસા પરિવારના ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી અરવિંદભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. પરિવારના આગેવાનો દ્વારા તેમનું શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને લગ્ન જેવા પ્રસંગોમાં ડીજેના સ્થાને આદિવાસીઓના પારંપારિક વાદ્યો, તેમજ મરણપ્રસંગ કે બારમાવિધિઓમાં ખોટા ખર્ચાઓ બંધ કરી, સમાજના હિત માટે સૌને આગળ આવવા વિશેષ વિચારણાઓ કરવામાં આવી હતી.

આ અવસરે ધારાસભ્ય શ્રી અરિવંદભાઇ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે બાવીસા પરિવારના નવી સરકારી નોકરી મેળવનારાઆનું શાલ ઓઢાડી સન્માન અને ધોરણ-૧૦ અને ૧૨માં ૬૦ ટકાથી વધુ માર્કસ મેળવનારા વિદ્યાથીઓનું પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. નાની દિકરી માહીએ દિકરી દીલનો દરિયો વિષે અનોખું વક્તવ્ય આપ્યું હતું. આદિવાસી પરંપરા અનુસાર તુર-થાળીના તાલે સૌ મહેમાનોનું સ્વાગત કરાયું હતું.

ધારાસભ્યે જણાવ્યું હતુ કે, સમાજે આગળ આવવુ હોય તો શિક્ષણ ખુબ જ જરૂરી છે. આપણે દ્દઢ નિશ્ચય કરીએ આ બધુ શકય છે. સમાજે વ્યસનનોને તિલાજંલિ આપી, યુવા પેઢી સ્વબળે આગળ આવે તેવી સ્થિતિનું નિર્માણ કરવાનું છે. યુવાનોને શિક્ષણ સાથે સંસ્કાર આપીને સમાજને આગળ લાવવાનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીના માર્ગદર્શન હેઠળ અનેક યોજનાઓ અમલી છે. આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. આદિવાસી યુવક-યુવતીઓ માટે ફ્રીશીપ કાર્ડ, વિદેશ અભ્યાસ કે પાયલોટ બનાવા માટે પણ સરકાર સહાય આપે છે. આપણે પણ તેનો લાભ લેવો જોઇએ. ધારાસભ્યે સમાજના તમામ કાર્યોમાં સહકાર આપવાની ખાતરી આપી હતી.

કાર્યપાલક ઇજનેર શ્રી મનિષભાઇ પટેલે જણાવ્યું હતું કે, આપણા સમાજમાં પરિવર્તન લાવવા સૌને જાગૃત બનવું પડશે અનેક દુષણો પ્રર્વતે છે. તેને નિવારવા આપણે જાગૃતતા કેળવવી પડશે. આપણા પરિવારને આગળ લાવવા શિક્ષણથી લઇને વિવિધ ક્ષેત્રે આગળ આવે તેવા પ્રયાસો કરીએ.

સહાયક માહિતી નિયામક શ્રી ઉમેશ બાવીસાએ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આપણી આદિવાસીઓની ઓળખ જીવંત રાખવી હશે તો, આપણા વાદ્યો, પહેરવેશ જાળવી રાખવો પડશે.આપણી યુવા પેઢી આપણા દેવી-દેવતા વિશેષ જાણે. શિક્ષણ સાથે આપણી સંસ્કૃતિનું પણ જતન કરીએ. તેમણે રાજય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી મેળવવા 'મારી યોજના પોર્ટલ' જોવા અનુરોધ કર્યો હતો.

સીઆરસી કો-ઓર્ડિનેટર અને અધ્યક્ષ અખિલ ભારતીય રાષ્ટ્રીય મહાસંઘ વલસાડ શ્રી શૈલેષભાઇ પટેલે સમાજને શિક્ષણ પ્રત્યે જાગૃત બનવા આહવાન કર્યુ હતું. તેમણે જણાવ્યું કે, શિક્ષણ સમાજ પરિવર્તન માટે ખુબ મોટું પરિબળ છે. જે વધુ શિક્ષિત હશે એની અલગ છાપ ઉભી થશે. વિચારોમાં પરિવર્તન આવશે, જેના થકી સમાજમાં પરિવર્તન આવશે. સમાજને ઉન્નતિના માર્ગે લઇ જવું હોય તો શિક્ષણ આવશ્યક છે.

નિવૃત બેંક મેનેજર શ્રી કાંતિભાઇ પટેલે શિક્ષણ ક્ષેત્રે પ્રાધાન્ય આપી, યુવાનોને આગળ આવવા જણાવ્યું હતું. સમાજના આગેવાન શ્રી ઉમેદભાઇ પટેલે દિશા ફાઉન્ડેશન દ્વારા આદિવાસી યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ અન્ય રચનાત્મક કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. નિવૃત્ત શિક્ષણ અધિકારી શ્રી રમેશભાઇ પટેલે પણ સમાજ ઉપયોગી પ્રવચન કર્યુ હતું. શ્રી અજીતભાઇ પટેલે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. કાજણરણછોડના સરપંચ શ્રી સુનિલભાઇ સહિત સંમેલનમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ જોડાયા હતા.

# વલસાડના ગોરવાડા ગામમાં પ્રાકૃતિક ખેતીની પ્રશ્નોત્તરી યોજાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**




વલસાડ તાલુકાના ગોરવાડા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કમ્યુનિટી રિસોર્સ પર્સન જાગૃતિબેન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને પરોપરકારી ગણાતી પ્રાકૃતિક ખેતી કરવાથી ધરતી અને મનુષ્યના સ્વાસ્થ્યને થતા ફાયદા અંગે સમજ આપવામાં આવી હતી. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કેવી રીતે કરી શકાય તે અંગેની પ્રેક્ટીકલ તાલીમ પણ આપવામાં આવી હતી. શરૂઆતમાં કરાતી પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ પણ લાવવામાં આવ્યું હતું.

હમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# જો સરકારી તંત્રની સ્થિતિ સુધારવી હોય તો લાંચ આપનારાઓએ પણ સુધરવું પડશે

**સ**રકારી કામકાજમાં ભ્રષ્ટાચાર નથી તેવું કોઈ કહે તો તે મજાક લાગે. જેમને પ્રત્યક્ષ અનુભવ છે તે તો એમ કહે છે કે, ભ્રષ્ટાચારનું પ્રમાણ વધી રહ્યું છે. કરોડોનાં કૌભાંડોનાં પ્રકરણ બહાર આવતાં રહે છે. પાનના ગલ્લે કે ચાની કિટલી ઉપર થતી ચર્ચા હોય તો તેને ગંભીર ન ગણાય, પરંતુ ઘટનાઓ જ્યારે નજર સામે આકાર લે છે, ત્યારે ચિંતા, ચિંતન અને ઉકેલ ત્રણેય તરફ દોડવું પડે. આ રાષ્ટ્રવ્યાપી સ્થિતિ છે કોઈ એક રાજ્યમાં, એક પક્ષના શાસનમાં આવું થાય છે તેમ નથી, પરંતુ દાવા બધા કરે છે કે, ભ્રષ્ટાચાર હવે નથી અને બધે આવું થાય છે. ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષમાં કલેક્ટર કક્ષાના ચાર અધિકારી સસ્પેન્ડ થયા છે, જેમાં એકને બાદ કરતાં બધા ઉપર ભ્રષ્ટાચારનો આરોપ અને કાર્યવાહી કરાઈ હતી. સામાન્ય રીતે ક્લાર્ક, મામલતદાર સુધી આવી કાર્યવાહી થતી હોય છે. કોઈ આઈ.એ.એસ., આઈ.પી.એસ.ને સસ્પેન્ડ કરવા કે તેમના વિરુદ્ધ બદલી જેવી કાર્યવાહી કરવી તે પણ સહેલું નથી. રાજકોટમાં ટી.આર.પી. અગ્નિકાંડમાં ૨૫ વ્યક્તિનાં મૃત્યુ થયાં તેમ છતાં જવાબદાર અધિકારીને ફક્ત બદલાવાયા હતા, થોડા સમય પછી તો તેમને સરકારમાં સારાં સ્થાને પણ મૂકવામાં આવ્યા, પરંતુ છેલ્લા કેટલાક સમયની ઘટનાઓ થોડી જુદી છે. સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર પટેલ સસ્પેન્ડ થયા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરે તેમના વિરુદ્ધ એન્ટિ કરપ્શન બ્યૂરોમાં ફરિયાદ કરી, કાર્યવાહી થઈ અને આખરે તેઓ સસ્પેન્ડ થયા. સુરેન્દ્રનગરના નાયબ મામલતદારના ઘરેથી પણ ૬૭.૫૦ લાખ રૂપિયા રોકડા મળ્યા, સમગ્ર પ્રકરણ ૧૫૦૦ કરોડનું છે. કલેક્ટર સસ્પેન્ડ થાય તે ઘટના નાની નથી, કમનસીબે ગુજરાત માટે નવી નથી. સુરતનાં ડુમસમાં સરકારી જમીન કોઈ અન્ય વ્યક્તિના નામે કરી ૨૦૦ કરોડનું કૌભાંડ આચર્યાનો આક્ષેપ જેમના ઉપર હતો તે વલસાડના કલેક્ટર સુરત હતા, ત્યારે જમીનનું આ કૌભાંડ થયું હતું. તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા. આણંદના કલેક્ટરનું પણ સસ્પેન્શન થયું. અલબત્ત, કારણ ભ્રષ્ટાચાર નહોતું. જો કે, આખરે તો તે કાર્ય પણ હોદ્દાનો જ દુરુપયોગ હતું. સુરતના પૂર્વ કલેક્ટર કે. રાજેશની સામે પણ હથિયાર લાયસન્સ અને જમીન કૌભાંડ અંગે સી.બી.આઈ.એ કાર્યવાહી કરી પછી તેઓ સસ્પેન્ડ થયા હતા. જૂનાગઢના કલેક્ટર વી.જે. રાજપૂત ગેરરીતિને લીધે સસ્પેન્ડ થયા હતા. જેને સરકારી સેવક ગવર્નમેન્ટ સર્વન્ટ એવું વિશેષણ અપાયું છે તેવા આ અધિકારીઓ સસ્પેન્ડ થયા છે. આઈ.એ.એસ. સામે આવી કાર્યવાહી કરતાં પહેલાં નક્કર પુરાવા, સઘન તપાસ જરૂરી છે. જો ઉચ્ચ અધિકારી પણ આ રીતે વિવિધ એજન્સીના, તપાસ કરનારના ધ્યાને આવી જતા હોય તો સરકારમાં વિવિધ સ્તરે તો કેવો ભ્રષ્ટાચાર ચાલતો હશે? સરકાર એમ કહે કે, આખરે ભ્રષ્ટ અધિકારી સામે પગલાં તો લેવાય છે. તે વાત સાચી છે, પરંતુ હવે ભ્રષ્ટાચાર નથી થતો, ઓછો થઈ ગયો છે તેવું નથી. ક્યાંક ૨૦૦ કરોડ, ક્યાંક ૧૫૦૦ કરોડ... આ રકમ કેટલી તોતિંગ છે! પ્રજાતંત્રમાં તંત્રપ્રજાને આ રીતે રંજાડે એ સ્થિતિ સારી નથી. લાંચ આપનારાઓએ પણ સુધરવું પડશે, સ્થિતિ સુધારવી હોય તો...

## પતંગની કિંમતમાં ગત વર્ષની સરખામણીએ ૧૫ ટકાથી વધુનો વધારો: ઉત્તરાયણમાં પતંગ ચગાવવામાંથી લોકોનો રસ ઘટી રહ્યો છે ?

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૧૨:** ઉત્તરાયણના પર્વ આડે એક દિવસ જ બાકી છે. થોડા વર્ષો પહેલા કોટ વિસ્તારમાં આખો દિવસ તમામ લોકો ટેરેસ પર પતંગ ચગાવતા હતા પરંતુ છેલ્લા થોડા વર્ષોથી આમાં બદલાવ આવ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ઉત્તરાયણના દિવસે લોકો દ્વારા પતંગ ચગાવવાનો સમય ૫-૬ કલાકથી ઘટીને ૨-૩ કલાક થઈ ગયો છે. ઉત્તરાયણમાં વિવિધ કારણોસર હવે લોકોને પહેલા જેવો રસ નથી રહ્યો. જોકે હજુ ઘણા લોકો પરિવાર સાથે જ ઉત્તરાયણ મનાવવાનું પસંદ કરે છે. મોબાઈલ, સોશિયલ મીડિયા, કામ, ભણતર, ધાબા પર ખુલ્લી જગ્યાની અછત, સોસાયટીના સભ્યો સાથે ઓછો પરિચય જેવા અનેક કારણોસર પતંગ ચગાવવાથી રસ ઘટી રહ્યું હોવાનું સામે આવ્યું હતું. એક રિપોર્ટ પ્રમાણે ૨૭ ટકા લોકો ઉત્તરાયણના દિવસે ૪ કલાકથી વધુ પતંગ ચગાવે છે. જ્યારે ૧૯ ટકા લોકો ૨-૪ કલાક, ૨૦ ટકા લોકો ૧-૨ કલાક, ૨૬ ટકા લોકો ૩૦-૬૦ મિનિટ અને ૨૮ ટકા લોકો ૩૦ મિનિટથી ઓછો સમય પતંગ ચગાવે છે. ૧૦ વર્ષ પહેલા પતંગ ચગાવવાનો સરેરાશ સમય ૫-૬ કલાક હતો તે ઘટીને ૨-૩ કલાક થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે આ વખતે પતંગના કાચા માલ પર ટેક્સ અને કારીગરોની અછતના કારણે કિંમતમાં ગત વર્ષની સરખામણીએ ૧૫ ટકાથી વધુનો વધારો થયો છે. સૂત્રોના કહેવા પ્રમાણે, શ્રમિકોની અછત અને પતંગના મટિરિયલ પર GSTની અસરને કારણે આ વર્ષે પતંગના ભાવમાં અંદાજે ૧૫ ટકાનો ઉછાળો જોવા મળી રહ્યો છે. ગ્રાહકો ખરીદી પણ નથી કરી રહ્યા. પતંગ બનાવનારા વેપારીઓના કહેવા પ્રમાણે, કારીગરો હવે ગારમેન્ટના વ્યવસાય તરફ વળી રહ્યા છે. કારણ કે ત્યાં વધુ સારા મજૂરી દર મળે છે. કાગળ પર વધેલા GSTએ પણ મુશ્કેલીમાં વધારો કર્યો છે, જેનાથી પતંગો મોંઘી બની છે. બીજી બાજુ હવામાન વિભાગે પતંગરસિયાઓને મોજ પડી જાય તેવી આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ઉત્તરાયણ સુધીમાં પવનની ગતિ વધીને ૨૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચશે.

## શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયનું માહાત્મ્ય

# શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયનો સાર એ છે કે શરીર નાશવાન છે અને તેને જાણનાર અશરીરી અવિનાશી છે

**શ્રી** ભગવાન કહે છે કે પ્રિયે હવે હું શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયનું માહાત્મ્ય સંભળાવું છું. દક્ષિણ દિશામાં વેદવેત્તા બ્રાહ્મણોના પુરન્દરપુર નામના નગરમાં દેવશર્મા નામનો એક વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો, તે અતિથિઓની સેવા કરનારો, સ્વાધ્યાયશીલ, વેદશાસ્ત્રોનો વિશેષજ્ઞ, યજ્ઞોના અનુષ્ઠાન કરનાર અને તપસ્વીઓનો પ્રિય હતો. તેમને ઉત્તમ દ્રવ્યો દ્વારા અગ્નિમાં હવન કરીને લાંબા સમય સુધી દેવતાઓને તૃપ્ત કર્યા પરંતુ તે ધર્માત્મા બ્રાહ્મણને કાયમી શાંતિ ન મળી. તેઓ પરમ કલ્યાણમય પરમાત્મા તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી દરરોજ અનેક રીતે સત્ય સંકલ્પવાળા તપસ્વીઓની સેવા કરવા લાગ્યા.

આવા શુભ આચરણ કરનારા બ્રાહ્મણને એક દિવસ એક ત્યાગી સંત મળે છે, જે પૂર્ણ અનુભવી, શાંત ચિત્ત હતા. તેઓ એક પ્રભુ પરમાત્માનું દર્શન કરી નિરંતર પરમાત્માના ચિંતનમાં આનંદ વિભોર રહેતા હતા. આવા નિત્ય સંતુષ્ટ તપસ્વી સંતને શુભભાવથી પ્રણામ કરીને દેવશર્માએ પુછ્યું કે મહાત્માજી! મને કાયમ રહેનારી શાંતિની પ્રાપ્તિ ક્યારે થશે? આત્મજ્ઞાની સંતે કહ્યું કે હે બ્રાહ્મણ! સૌપુર ગામનો નિવાસી મિત્રવાન નામનો ઘેટાં-બકરાં ચરાવનાર ભરવાડ તમોને આત્મા-પરમાત્મા સંબંધી જ્ઞાનનો ઉપદેશ આપશે. મહાત્માની વાત સાંભળી તેમના શ્રીચરણોમાં વંદન કરી દેવશર્મા સૌપુર ગામે જવા રવાના થાય છે. સમૃદ્ધશાળી સૌપુર ગામના ઉત્તર ભાગમાં એક વિશાળ વન હતું. આ વનમાં નદીના કિનારે એક શિલા ઉપર મિત્રવાન બેઠા હતા. આ જગ્યા એટલી પવિત્ર હતી કે વનમાં રહેતા વિવિધ હિંસક પ્રાણીઓ સ્વાભાવિક વૈરભાવ છોડીને ભેગા બેસતા હતા. અહીંના બગીચામાં મંદ મંદ વાયુ ચાલી રહ્યો હતો. મૃગોના ટોળા શાંતભાવથી બેસી રહ્યા હતા અને મિત્રવાન દયાથી ભરેલી આનંદ વિભોર દ્રષ્ટિથી પૃથ્વી ઉપર જાણે કે અમૃત છાંટી રહ્યા હતા. આવું દ્રશ્ય જોઈને દેવશર્માનું મન અતિ પ્રસન્ન થાય છે. તે ઉત્સુકતાથી ઘણા જ વિનયથી મિત્રવાન પાસે જઈને મસ્તક નમાવે છે તો સામે મિત્રવાન પણ વિદ્વાન બ્રાહ્મણ દેવશર્માનો આદર સત્કાર કરે છે. દેવશર્મા પુછે છે કે મહાભાગ્યવાન! હું આત્મા-પરમાત્મા સબંધી જ્ઞાન પ્રાપ્ત કરવા માંગું છું. મારા આ મનોરથની પૂર્તિના માટે મને કોઈ ઉપાયનો ઉપદેશ આપો, જેનાથી મને પરમસિદ્ધિની પ્રાપ્તિ થાય. દેવશર્માની વાત સાંભળીને એક ક્ષણ વિચાર કરીને મિત્રવાન કહે છે કે મહાનુભાવ! એક સમયની વાત છે. આ વનમાં હું મારી બકરીઓ ચરાવતો હતો એટલામાં જ એક ભયંકર વાઘની ઉપર મારી નજર પડે છે જે તમામને ખાઈ જવા ઈચ્છતો હતો. હું પણ મૃત્યુથી ડરતો હતો એટલે વાઘને આવતો જોઈને બકરીઓના ટોળાને આગળ કરીને હું ત્યાંથી ભાગી છૂટ્યો પરંતુ એક બકરી તમામ પ્રકારનો ભય છોડીને નદીને કિનારે તે વાઘ પાસે જાય છે તો વાઘ દ્વેષભાવ છોડીને ચુપચાપ ઉભો રહી જાય છે. વાઘને આ અવસ્થામાં જોઈને બકરી કહે છે કે વાઘ! તમોને તો ઉત્તમ ભોજન પ્રાપ્ત થયું છે, મારા શરીરનું માંસ કાઢીને પ્રેમપૂર્વક ખાઈ લો. આટલા સમયથી તમે કેમ ઉભા છો? તમારા મનમાં મને ખાઈ જવાનો વિચાર કેમ આવતો નથી?

ત્યારે વાઘ કહે છે કે બકરી! આ સ્થાન ઉપર આવતાં જ મારા મનમાંથી દ્વેષ અને હિંસાનો ભાવ નીકળી ગયો છે. ભૂખતરસ દૂર થઈ છે એટલે તું મારી સામે હોવા છતાં તને ખાવાની ઈચ્છા થતી નથી. બકરી કહે છે કે



ગીતામૃતમ્
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

મને પણ એ સમજાતું નથી કે હું નિર્ભય કેવી રીતે બની છું. જો આપ આ રહસ્યને જાણતા હો તો મને કહો. ત્યારે વાઘ કહે છે કે હું પણ આ રહસ્યને જાણતો નથી પરંતુ સામેના વૃક્ષ ઉપર એક વાંદરો રહે છે તેને પુછીએ.




આવો નિશ્ચય કરીને વાઘ અને બકરી વાનર પાસે જાય છે. વાઘ અને બકરીના સ્વભાવમાં વિચિત્ર પરિવર્તન જોઈને વાનરને નવાઈ લાગે છે, તે જ સમયે વાઘ અને બકરી તેને પ્રશ્ન પુછે છે. તેના જવાબમાં વાનરરાજ કહે છે કે શ્રીમાન સાંભળો. આ વિશે હું તમોને એક પ્રાચીન કથા સંભળાવું છું.

સામેના વનમાં એક ઘણું જ મોટું મંદિર છે, જેમાં પિતામહ બ્રહ્માજી દ્વારા વર્ષો પહેલાં એક શિવલિંગની સ્થાપના કરી હતી. જૂના જમાનામાં અહીં સુકર્મા નામનો એક બુદ્ધિમાન બ્રાહ્મણ રહેતો હતો જે તપસ્યામાં સંલગ્ન રહીને ઉપાસના કરતો હતો. તે વનમાંથી ફુલો લાવીને નદીના પવિત્ર જળથી ભગવાન શંકરના શિવલિંગનો અભિષેક કરી પૂજા કરતો હતો. એક દિવસ આરાધના કરતાં કરતાં સુકર્મા અહી નિવાસ કરતો હતો ત્યારે ઘણા સમય બાદ એક અતિથિ મહાત્માનું આગમન થાય છે. તેમના આદર સત્કાર અને ભોજન માટે સુકર્મા ફળફુલ લાવીને અર્પણ કરે છે.

ભોજન બાદ સુકર્મા કહે છે કે મહાત્માજી હું ફક્ત અને ફક્ત તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે ભગવાન શંકરની આરાધના કરૂં છું. આજે મને મારી આરાધનાનું ફળ મળ્યું છે કે આપ જેવા મહાપુરૂષે મારી ઉપર કૃપા કરી મને દર્શન આપ્યા છે. સુકર્માના આવા મધુર વચન સાંભળીને તેજસ્વી તપસ્વી મહાત્મા અતિથિ ઘણા જ પ્રસન્ન થાય છે. તેમને પોતાના હાથે એક મોટી વિશાળ શિલા ઉપર શ્રીમદ્ ભગવદ્ ગીતાનો બીજો અધ્યાય લખે છે અને સુકર્માને તેનો દરરોજ પાઠ અને અભ્યાસ કરવાની આજ્ઞા આપતાં કહે છે કે હે બ્રાહ્મણ! આમ કરવાથી તમારૂં આત્મજ્ઞાન સંબંધી મનોરથ આપોઆપ પુરો થશે. આમ કહીને બુદ્ધિમાન તપસ્વી મહાત્મા સુકર્માની નજર સામેથી અદ્રશ્ય થઈ જાય છે.

સુકર્મા વિસ્મિત બનીને મહાત્માના આદેશ અનુસાર નિરંતર શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયનો અભ્યાસ કરવા લાગ્યા ત્યારબાદ લાંબા સમય સુધી આમ કરવાથી તેમનું અંતઃ કરણ શુદ્ધ થતાં તેમને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ત્યારપછી તે જ્યાં પણ ગયા ત્યાંના તપોવનમાં પણ શાંતિનું સામ્રાજ્ય સ્થપાયું. તેમનામાં શરદી-ગરમી અને રાગદ્વેષ વગેરેની બાધાઓ દૂર થઈ, એટલું જ નહીં આસપાસના વાતાવરણમાં ભયનો સર્વથા અભાવ થયો. આ બધું ગીતાના બીજા અધ્યાયનો જપ અને અભ્યાસ તથા સુકર્મા બ્રાહ્મણની તપસ્યાનો પ્રભાવ હતો.

મિત્રવાન કહે છે કે વાનરરાજે આ પ્રમાણે કહેવાથી મને ઘણી જ પ્રસન્નતા થતાં બકરી અને વાઘની સાથે હું મંદિર તરફ ગયો. ત્યાં જઈને શિલાખંડ ઉપર લખેલ ગીતાના બીજા અધ્યાયને મેં જોયો અને વાંચ્યો. આમ ગીતાના બીજા અધ્યાયનું અધ્યયન કરવાથી મારી તપસ્યા પૂર્ણ થઈ એટલે હે ભદ્રપુરૂષ! તમે પણ હરહંમેશાં ગીતાના બીજા અધ્યાયનું અધ્યયન કરજો અને આમ કરવાથી મુક્તિ તમારાથી દૂર નહીં રહે. શ્રીભગવાન કહે છે કે પ્રિયે! મિત્રવાનના આવા આદેશ મળવાથી દેવશર્માએ તેમનું પૂજન કર્યું અને તેમને પ્રણામ કરીને પોતાના નગર પુરન્દરપુર ગયા. ત્યાંના દેવાલયમાં રહેતા આત્મજ્ઞાની મહાત્માને મળીને સમગ્ર વૃત્તાંત કહ્યો અને સૌથી પહેલાં તેમને ગીતાના બીજા અધ્યાયનું વાંચન કર્યું અને તેમની પાસેથી ઉપદેશ લઈને શુદ્ધ અંતઃ કરણવાળા દેવશર્માએ દરરોજ ઘણી જ શ્રદ્ધાવિશ્વાસની સાથે ગીતાના બીજા અધ્યાયનું અધ્યયન કરીને બ્રહ્મમાં લીન થઈને પરમપદની પ્રાપ્તિ કરી લીધી.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયનો સાર એ છે કે શરીર નાશવાન છે અને તેને જાણનાર અશરીરી અવિનાશી છે. આ વિવેકને મહત્ત્વ આપવું અને પોતાના કર્તવ્યનું પાલન કરવું. આ બન્નેમાંથી કોઈ એક અપનાવવાથી ચિન્તાશોક દૂર થાય છે.

## પતંગનું વિશ્વ અને વિશ્વના પતંગોનો અનોખો ઈતિહાસ

# દર વર્ષે ઉત્તરાયણના દિવસે ગુજરાતમાં અંદાજે સાતથી આઠ કરોડના પતંગો ઉડે છે

**લેખક: દીપક જગતાપ**

**મ**કરસંક્રાંતિ એ ભારતનો કૃષક તહેવાર ગણાય છે. ભારત અને એશિયાનાં અન્ય દેશોમાં પણ આ દિવસને પાકની લણણી સાથે જોડવામાં આવ્યો છે.

પતંગનો ઈતિહાસ એટલો જ પૌરાણિક છે જેટલો આપણા કેલેન્ડરનો ઈતિહાસ છે. પતંગ હજારો વર્ષની સફર કરીને આજે અહીં પહોંચ્યો છે. પતંગનો ઈતિહાસ ઈસુ પૂર્વેનો છે. કેટલાક ધર્મશાસ્ત્રીઓના મતે પતંગનું અસ્તિત્વ મહાભારત તથા રામાયણ કાળમાં પણ હતું. 'અમરકોશ' જેવા પ્રાચીન ગ્રંથમાં પતંગનો ઉલ્લેખ જોવા મળે છે તો બીજી તરફ પશ્ચિમના ઈતિહાસકારો પતંગની શોધને મોહેંજો-દરો અને હડપ્પાની સિંધુ સંસ્કૃતિના મળી આવેલા અવશેષો સાથે સરખાવે છે. સિંધુ સંસ્કૃતિના મળી આવેલા અવશેષોમાં અમુક ચિત્રલિપિમાં પતંગની આકૃતિ જોવા મળી હતી.

ઉત્સવોના દેશ ભારતમાં અનેક તહેવારો ઉત્સાહથી ઊજવાય છે. વર્ષની શરૂઆતમાં જ ઉત્તરાયણમાં હજારો પતંગો ઉડાડીને લોકો નવા વર્ષનો આ પહેલો તહેવાર ધામધૂમથી રંગેચંગે ઊજવે છે. પતંગ સાથે કંઈ કેટલાંય રસપ્રદ તથ્યો જોડાયેલા છે, તો કેટલાંક રેકોર્ડ્સ પણ પતંગના નામે બોલે છે. પતંગ આમ તો મનોરંજનનું સાધન ગણાય છે, પણ હવે પતંગે વ્યાવસાયિક રૂપ લઈ લીધું છે. આગ્રા, બરેલી, ભોપાલ, અલાહાબાદ, બીકાનેર, ગુજરાત સિવાય ઘણી જગ્યાએ પતંગની ક્લબ બની છે કે જ્યાં પતંગની ટુર્નામેન્ટ યોજાય છે. પતંગઘેલાં ગુજરાતી દર વર્ષે ઉત્તરાયણ વખતે ગુજરાતમાં અમદાવાદમાં શહેરમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન થાય છે. એક અંદાજ મુજબ દર વર્ષે ઉત્તરાયણના દિવસે ફક્ત ગુજરાતમાં જ અંદાજે સાતથી આઠ કરોડના પતંગો ઉડે છે. ગુજરાતનો પતંગ મહોત્સવ વિશ્વભરમાં ખ્યાતિ પામ્યો છે. પતંગના નામે બોલાતા રસપ્રદ રેકોર્ડ્સ જાપાનના એક પતંગપ્રેમીએ એક જ દોરી ઉપર પાંચ હજાર કરતાં પણ વધારે પતંગ ચગાવ્યા હતા. એક જ દોરી ઉપર ૧૧,૨૮૪ પતંગો ઉડ્યા હોય એવું પણ બન્યું છે. આ રેકોર્ડ જાપાનીઝ સ્કૂલના બાળકોના નામે છે. વિશ્વમાં સૌથી લાંબો પતંગ ૧૦૩૪ મીટરનો છે. પતંગની સૌથી વધુ સ્પીડ કલાકના ૧૯૩ કિ.મી.ની નોંધાયેલી છે. ફ્રાંસના માઈકલ ગ્રેસીયર નામના માણસે કાચ, ફાઈબર અને લિનનનો પતંગ બનાવ્યો હતો. આ પતંગ ૯ મીટરની પહોળાઈવાળો મોટો પતંગ હતો. નેધરલેન્ડમાં ૨૩૦ કિલોનો વજનદાર પતંગ પણ બનાવવામાં આવ્યો હતો. આ પતંગ ૩૭ મિનિટ સુધી ઉડાડવામાં આવ્યો હતો.

પતંગનું સૌથી મોટું મ્યુઝિયમ ચીનમાં આવેલું છે. ૧૩,૦૦૦ સ્કેવરફીટમાં વિસ્તરેલા આ મ્યુઝિયમમાં જુદાજુદા દેશમાં ઉડાડેલા ૨૦૦૦ કરતાં પણ વધારે પતંગોનો ખજાનો છે. ૧૯૪૭માં ભારત આઝાદ થયું એ વખતેય લોકોએ પતંગ ઉડાડીને આઝાદીનો જલસો માણ્યો હતો. નવાઈની વાત છે કે થાઈલેન્ડમાં તો પતંગ યુદ્ધના ૭૮ નિયમ પણ બનાવ્યા છે. એક સમયે ચીનમાં સાંસ્કૃતિક ક્રાંતિ દરમિયાન પતંગ ઉડાડવા પર પ્રતિબંધ પણ હતો. જો કોઈ પતંગ ઉડાડતાં ઝડપાઈ જાય તો તેને ત્રણ વર્ષની જેલ થતી અને તેના પતંગો નષ્ટ કરી દેવામાં આવતા. જાપાનમાં ૧૭૬૦માં પતંગ ઉડાડવા પર પ્રતિબંધ હતો કારણ કે ત્યાંના લોકો કામ કરતાં પણ પતંગ ઉડાડવામાં મશગૂલ રહેતા.

પ્રાચીનકાળથી સૂર્ય ઉપાસનાનું મહત્વ રહેલું છે. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ ગણાતા ઋગ્વેદમાં સૂર્ય માટે પતંગ શબ્દ વપરાયો છે. આર્યો સૂર્યતત્ત્વની પ્રાચીન કાળથી ઉપાસના કરતા હતા. વેદકાળમાં સૂર્યને લગતા અનેક મંત્રો પણ પ્રાપ્ત થાય છે. પ્રાચીન ગ્રંથો મુજબ સૂર્ય પાસે કલ્યાણ તથા અમંગળ, દરિદ્રતા અને રોગ દૂર થાય તેની માંગણી કરવામાં આવી છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે તેને મકરસંક્રાંતિ કહે છે. પદ્મપુરાણ અનુસાર સૂર્યદેવ બાળસ્વરૂપ ધારણ કરીને ૧૨ મહિનામાં ૧૨ રાશીઓમાં સંક્રમણ કરતા રહે છે. આ સંક્રમણને સંક્રાંતિ કહે છે. ધન, મિથુન, મીન, કન્યા રાશીની સંક્રાંતિને ષડ્શીતિ કહે છે. વૃષભ વૃશ્ચિક કુંભ અને સિંહ રાશીની સંક્રાંતિને વિષ્ણુપદી સંક્રાંતિ કહે છે. ષડ્શીતિ નામની સંક્રાંતિમાં કરેલા પુણ્યકર્મનું ફળ ૮૬,૦૦૦ ગણું અને વિષ્ણુપદીમાં કરેલા પુણ્યકર્મ લાખગણું અને ઉત્તરાયણ અથવા દક્ષિણાયન આરંભના સમયે કરેલા પુણ્ય કોટિકોટિ ગણું ફળ આપે છે. પુરાણો અનુસાર સંક્રાંતિના દિવસે સૂર્યસ્તોત્રનું પઠન કરવાથી લક્ષ્મી સ્થિર રહે છે. સૂર્યોદય પહેલાં સ્નાનાદિથી પવિત્ર થઈ પૂજા કરવાથી તલમિશ્રિત જળથી સૂર્યાર્ઘ્ય આપવાથી કોઢ અને આંખ સંબંધી રોગો, અસાધ્ય રોગ, દરિદ્રતા દૂર થાય છે અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે. આદિત્ય ગ્રહોના રાજા છે અને પ્રત્યક્ષ દેવ છે. જેની ઉપાસના આરાધનાથી રોગદરિદ્રતા દૂર થાય છે અને કોર્ટ કચેરી રાજકીય કાર્યોમાં સફળતા મળે છે. વહેલી સવારે ઋષિમુનિઓ સ્નાન કરી માર્તણ્ડ દેવની ઉપાસના કરતા હોય છે, જેથી તેઓનું આયુષ્ય લાંબું હતું. આજે પણ સંતો ધર્મપ્રેમીઓ સવારે સૂર્યનારાયણ દેવને અર્ઘ્ય આપે છે. પૂષ્ણવ્યદેવની આરાધનાથી રોગ



ઉપર વિજય થાય છે. જેમને અન્ય ગ્રહોની પીડા હોય તો 'આદિત્યહૃદય સ્તોત્ર'નો પાઠ, સૂર્યસ્તુતિ, ગાયત્રી ઉપાસના કરી વ્યક્તિ પોતાના દુઃખનું નિવારણ જાતે જ કરી શકે છે. ભારતીય ઋષિમુનિઓએ વ્રત તહેવારો સાથે આયુર્વેદને પણ વણી લીધું છે. માટે આયુર્વેદ શાસ્ત્ર મુજબ અત્યારે શિશિર ઋતુ ચાલી રહી છે. તેમાં શેરડી તલ ગોળ મમરાનો લાડુ જેવા મધુર પદાર્થો સ્વાસ્થ્ય માટે સારા હોવાથી મકરસંક્રાંતિના દિવસે તલની ચીકી વગેરે ખાવામાં આવે છે. જો કે તેમાં શરદી કરમિયા કે ડાયાબિટિસના દર્દીઓને આનાથી દૂર રહેવું જોઈએ. ઉપરાંત તલના તેલની માલિશ કરીને સૂર્યસ્નાન કરવાથી શરીરની સ્વસ્થતા જળવાઈ રહે છે.

### વિજ્ઞાનનાં નિયમ મુજબ સૂર્યપ્રકાશથી વિટામિન-ડી મળે છે અને ચામડી સુંવાળી બને છે

હાડકાં દાંત વાળ નખ મજબૂત બને છે અને યોગાનુયોગ આ દિવસે પતંગોત્સવ નિમિત્તે બધા અગાસી ઉપર જ રહેતા હોવાથી સૂર્યસ્નાન આપોઆપ થઈ જાય છે. સૂર્ય ધન રાશિમાંથી વિદાય લઈ મકર રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે મકરસંક્રાંતિ બને છે. દિવસથી સૂર્ય ઉત્તર તરફ અયન (ગતિ) કરે છે. એટલે ઉત્તરાયન પણ કહેવાય છે. મકરસંક્રાંતિથી ૬ માસ સુધી કર્ક સંક્રાંતિ સુધી સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં રહે છે. બ્રહ્મસૂત્રમાં બતાવ્યા મુજબ માસ દરમિયાન જે મૃત્યુ પામે છે તે વૈકુંઠમાં સ્થાન મેળવે છે. મુક્તિ મેળવે છે. માસનો સમય દેવતાઓ માટેનો દિવસકાળ ગણાય છે.

ઉત્સવોના દેશ ભારતમાં અનેક તહેવારો ઉત્સાહથી ઊજવાય છે. વર્ષની શરૂઆતમાં જ ઉત્તરાયણમાં હજારો પતંગો ઉડાડીને લોકો નવા વર્ષનો આ પહેલો તહેવાર ધામધૂમથી રંગેચંગે ઊજવે છે. પતંગ સાથે કંઈકેટલાંય રસપ્રદ તથ્યો જોડાયેલા છે, તો કેટલાંક રેકોર્ડસ પણ પતંગના નામે બોલે છે. મોંઘો થયો પતંગનો શોખ પતંગ આમ તો મનોરંજનનું સાધન ગણાય છે, પણ હવે પતંગે વ્યાવસાયિક રૂપ લઈ લીધું છે. આગ્રા, બરેલી, ભોપાલ, અલાહાબાદ, બીકાનેર, ગુજરાત સિવાય ઘણી જગ્યાએ પતંગની ક્લબ બની છે કે જ્યાં પતંગની ટુર્નામેન્ટ યોજાય છે. પતંગઘેલાં ગુજરાતી દર વર્ષે ઉત્તરાયણ વખતે ગુજરાતમાં અમદાવાદમાં શહેરમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન થાય છે. એક અંદાજ મુજબ દર વર્ષે ઉત્તરાયણના દિવસે ફક્ત ગુજરાતમાં જ અંદાજે સાતથી આઠ કરોડના પતંગો ઉડે છે. ગુજરાતનો પતંગ મહોત્સવ વિશ્વભરમાં ખ્યાતિ પામ્યો છે. પતંગના નામે બોલાતા રસપ્રદ રેકોર્ડ્સ જાપાનના એક પતંગપ્રેમીએ એક જ દોરી ઉપર પાંચ હજાર કરતાં પણ વધારે પતંગ ચગાવ્યા હતા. એક જ દોરી ઉપર ૧૧,૨૮૪ પતંગો ઉડ્યા હોય એવું પણ બન્યું છે. આ રેકોર્ડ જાપાનીઝ સ્કૂલના બાળકોના નામે છે. વિશ્વમાં સૌથી લાંબો પતંગ ૧૦૩૪ મીટર (૩૩૯૪ ફૂટ)નો છે. પતંગની સૌથી વધુ સ્પીડ કલાકના ૧૯૩ કિ.મી.ની નોંધાયેલી છે. ફ્રાંસના માઈકલ ગ્રેસીયર નામના માણસે કાચ, ફાઈબર અને લિનનનો પતંગ બનાવ્યો હતો. આ પતંગ ૯ મીટરની પહોળાઈવાળો મોટો પતંગ હતો. નેધરલેન્ડમાં ૨૩૦ કિલોનો વજનદાર પતંગ પણ બનાવવામાં આવ્યો હતો. આ પતંગ ૩૭ મિનિટ સુધી ઉડાડવામાં આવ્યો હતો. પતંગનું વૈજ્ઞાનિક મહત્ત્વ મકર સંક્રાંતિના વિજ્ઞાન વિશે જાણીએ તો મકર એક રાશિ છે અને સંક્રાંતિનો અર્થ થાય ગતિ. જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે ત્યારે એ સંક્રાંતિને જ મકર સંક્રાંતિ કહે છે. આ દિવસે રાત અને દિવસ સરખા બને છે. ૧૨ કલાકની રાત અને ૧૨ કલાકનો દિવસ. એનો અર્થ કે શિયાળાની મોસમમાં રાત લાંબી હોય તે ટૂંકી થાય અને ધીમેધીમે દિવસ ઉત્તર તરફ જાય છે. તેથી જ તો તેને ઉત્તરાયણ કહે છે. મતલબ કે ઉત્તર તરફ પ્રયાણ કરવું. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં સૂર્ય માટે 'પતંગ' શબ્દ વપરાયો છે. આપણા માટે તહેવાર મનોરંજનનું માધ્યમ હશે પણ ખરેખર તો તહેવાર પાછળ પણ ચોક્કસ વિજ્ઞાન સંકળાયેલું છે. વિજ્ઞાનના સંશોધન માટેય અનેકવાર પતંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પવનની ઝડપ માટે, વીજળીના પ્રયોગો કરવા, સંદેશાવ્યવહારમાં, હવાનું દબાણ માપવા તેમજ વિજ્ઞાનના ઘણા ક્ષેત્રે પતંગનો ઉપયોગ થતો. હવાના નિયમોને ધ્યાનમાં રાખીને પતંગ તૈયાર કરવામાં આવે તો તે સહેલાઈથી ઊડી શકે છે. પછી ભલે તે પતંગ કદમાં ગમે એવો મોટો કે વજનનો હોય. રસપ્રદ તથ્યો સૌથી મોટું પતંગનું મ્યુઝિયમ ચીનમાં આવેલું છે. ૧૩,૦૦૦ સ્કેવરફીટમાં વિસ્તરેલા આ મ્યુઝિયમમાં જુદાજુદા દેશમાં ઉડાડેલા ૨૦૦૦ કરતાં પણ વધારે પતંગોનો ખજાનો છે. ૧૯૪૭માં ભારત આઝાદ થયું એ વખતેય લોકોએ પતંગ ઉડાડીને આઝાદીનો જલસો માણ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ વખતે વિસ્ફોટક સામગ્રી પહોંચાડવાના સંકેત તરીકે પતંગનો ઉપયોગ થયો હતો. નવાઈની વાત છે કે થાઈલેન્ડમાં તો પતંગ યુદ્ધના ૭૮ નિયમ પણ બનાવ્યા છે. એક સમયે ચીનમાં સાંસ્કૃતિક ક્રાંતિ દરમિયાન પતંગ ઉડાડવા પર પ્રતિબંધ પણ હતો. જો કોઈ પતંગ ઉડાડતાં ઝડપાઈ જાય તો તેને ત્રણ વર્ષની જેલ થતી અને તેના પતંગો નષ્ટ કરી દેવામાં આવતા. જાપાનમાં ૧૭૬૦માં પતંગ ઉડાડવા પર પ્રતિબંધ હતો કારણ કે ત્યાંના લોકો કામ કરતાં પણ પતંગ ઉડાડવામાં મશગૂલ રહેતા. વાયરલેસના શોધક માર્કોનીએ એટલાન્ટિકની સામે પારથી અવાજનાં મોજાં પકડવા માટે પતંગનો ઉપયોગ કર્યો હતો. જુદાજુદા દેશનાંલશ્કરમાં તાલીમ, જાસૂસી માટે હાલમાંય વિવિધ રીતે પતંગોનો ઉપયોગ કરવામાં આવે છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

વોશિંગ્ટન સુંદર ODI સિરીઝમાંથી બહાર

## BCCIએ દિલ્હીના ઓલરાઉન્ડર આયુષ બદોનીને તક આપી છે

**મેચમાં વોશિંગ્ટન સુંદરને ઈજા થઈ હતી : તબીબી સલાહ બાદ તેને આખી સિરીઝમાંથી બહાર કરવામાં આવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨:** ન્યૂઝીલેન્ડ સામે ચાલી રહેલી ત્રણ મેચની ODI શ્રેણી દરમિયાન ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ૧૧ જાન્યુઆરી, રવિવારના રોજ વડોદરા ODI દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. વડોદરા સ્થિત કોટંબી સ્ટેડિયમમાં બોલિંગ કરતી વખતે વોશિંગ્ટન સુંદરને સાઈડ સ્ટ્રેનના કારણે અચાનક દુખાવો થવા લાગ્યો. દુખાવો વધતાં તેને મેદાન છોડીને જવું પડ્યું. સુંદર હવે બાકીની બે મેચમાંથી બહાર થયો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે વોશિંગ્ટન સુંદરના રિપ્લેસમેન્ટની પણ જાહેરાત કરી છે. BCCIએ દિલ્હીના પાવરફુલ ઓલરાઉન્ડર આયુષ બદોનીને તક આપી છે. ૨૬ વર્ષીય ખેલાડી તાજેતરમાં વિજય હજારે ટ્રોફી ૨૦૨૫-૨૬માં રમ્યો હતો. આ એ જ ખેલાડી છે જેને શોધવામાં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મુખ્ય ભૂમિકા ભજવી હતી.




આયુષ બદોની એક શાનદાર ઓલરાઉન્ડર છે, તે બેટિંગ સાથે સ્પિન બોલિંગ પણ કરે છે. ઘરેલુ ક્રિકેટમાં દિલ્હી તરફથી રમે છે. તો આયુષે IPLમાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે પણ સારું પ્રદર્શન કર્યું છે. તે મિડલ ઓર્ડરમાં ઝડપથી સ્કોર કરી શકે છે અને જરૂર પડ્યે ઓફ-સ્પિન બોલિંગ પણ કરે છે. BCCI દ્વારા તેને પહેલીવાર તક આપવામાં આવી છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે બદોનીને ટીમમાં શામેલ કરવા પાછળ કઈ ખાસિયત છે. તે નંબર ૩થી ૭ સુધી બેટિંગ કરી શકે છે. પછી ભલે ઈનિંગ્સને સંભાળવાની હોય કે તેને ફિનિશ કરવાની બદોની તે પ્રશંસનીય રીતે કરે છે. તેણે અનેક વખત એકલા હાથે દિલ્હીને વિજય અપાવ્યો છે. બેટથી ઘાતક હોવા ઉપરાંત આ ખેલાડીએ બોલિંગથી પણ મેચને પલટવાની ક્ષમતા ધરાવે છે. તેણે વ્યાવસાયિક ક્રિકેટમાં કુલ ૫૭ વિકેટ લીધી છે.

ઈરફાન પઠાણને પણ છોડ્યો પાછળ

## હર્ષિત રાણાએ તોડ્યો બુમરાહનો ખાસ રેકોર્ડ

**૨૦૨૫માં વનડે ડેબ્યૂ કરનાર હર્ષિત રાણા હવે પ્રથમ ૧૨ વનડેમાં સૌથી વધુ વિકેટ લેનાર ભારતનો બીજો બોલર બની ગયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨:** હર્ષિત રાણાએ નવા વર્ષમાં ન્યુઝીલેન્ડ સામે પોતાની પહેલી મેચ રમીને તેના પ્રદર્શનથી બધાના દિલ જીતી લીધા છે. હર્ષિતે પહેલા બોલથી તબાહી મચાવી અને પછી બેટથી શાનદાર પ્રદર્શન કર્યું. એકંદરે આ મેચ તેના માટે ખૂબ જ ખાસ હતી. મેચમાં બે મહત્વપૂર્ણ વિકેટ લઈને તેણે જસપ્રીત બુમરાહ અને ઈરફાન પઠાણ જેવા દિગ્ગજોનો ખાસ રેકોર્ડ તોડ્યો છે.



૨૦૨૫માં વનડે ડેબ્યૂ કરનાર હર્ષિત રાણા હવે પ્રથમ ૧૨ વનડેમાં સૌથી વધુ વિકેટ લેનાર ભારતનો બીજો બોલર બની ગયો છે. તેના નામે ૨૩ વિકેટ છે. તેણે આ યાદીમાં ઈરફાન પઠાણ (૨૧ વિકેટ) અને જસપ્રીત બુમરાહ (૨૨ વિકેટ)ને પાછળ છોડી દીધા છે. અજિત અગરકર ભારત માટે પોતાની પ્રથમ ૧૨ વનડેમાં કુલ ૨૯ વિકેટો લઈને નંબર વન પર છે. આ રેકોર્ડ તોડવો અત્યંત મુશ્કેલ માનવામાં આવે છે.

**પ્રથમ ૧૨ ODIમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર**

**૨૯ - અજિત અગરકર**
**૨૩ - હર્ષિત રાણા**
**૨૨ - જસપ્રીત બુમરાહ**
**૨૧ - ઈરફાન પઠાણ**

વર્ષ ૨૦૨૬ની પહેલી મેચમાં હર્ષિત રાણાએ ૧૦ ઓવરમાં ૬૫ રન આપીને ૨ વિકેટ લીધી અને ૨૩ બોલમાં ૨ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૨૯ રન બનાવ્યા. આ એ જ હર્ષિત રાણા છે જેને ટીમ ઇન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરની નજીક હોવાને કારણે સોશિયલ મીડિયા પર ઘણીવાર ટ્રોલ કરવામાં આવે છે. ગંભીરના તેના પ્રત્યે નરમ વલણને ઘણીવાર ટીમમાં સતત તકોનું કારણ તરીકે દર્શાવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ છે. હર્ષિતે સખત મહેનત દ્વારા ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું છે. પસંદગીકારો તેને ભવિષ્યના સ્ટાર બોલર તરીકે જુએ છે, તેથી તેને સતત તક મળી રહી છે.

ગુજરાતમાં વડાપ્રધાન મોદી અને મર્ઝની મહત્ત્વપૂર્ણ બેઠક

# ભારત અને જર્મની વચ્ચે શિક્ષણથી લઈને સેમિકંડક્ટર સુધી ૪ મહત્ત્વપૂર્ણ MoU

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંને દેશો વચ્ચે થયેલા કરારોને ભરોસાનું પ્રતીક જણાવી સંરક્ષણ વ્યાપાર અને રોડમેપ તૈયાર કરવાની વાત કરી હતી**





(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૧૨**

ભારત અને જર્મની વચ્ચે આજે ૧૨ જાન્યુઆરીના રોજ સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે મહત્વના કરાર થયા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે ક્રિટિકલ મિનરલ્સ, સેમીકંડક્ટર અને શિક્ષણ સહિત મોટા ૪ MoUs (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પણ કર્યા, વડાપ્રધાન મોદીએ બંને દેશો વચ્ચે થયેલા કરારોને ભરોસાનું પ્રતીક જણાવી સંરક્ષણ વ્યાપાર અને રોડમેપ તૈયાર કરવાની વાત કરી.

૧૨ જાન્યુઆરી ભારત માટે કૂટનૈતિક અને ભવિષ્યની રણનીતિને લઈને ખૂબ જ ખાસ દિવસ રહ્યો, એક તરફ સમગ્ર દેશ સ્વામી વિવેકાનંદની જયંતી મનાવી રહ્યો છે, તો બીજી તરફ ગુજરાતથી ભારત અને જર્મનીના સંબંધોનો નવો પાયો નાખવામાં આવ્યો છે. જર્મન ચાન્સેલરની ભારત યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે એવા કરારો થયા જેની સીધી અસર સુરક્ષા, શિક્ષણ, ટેકનિકલ વિકાસને થશે, વડાપ્રધાન મોદી અને જર્મન ચાન્સેલર વચ્ચે માત્ર વાતચીત જ નહીં પણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને સંરક્ષણથી લઈને સેમીકંડક્ટર સુધી આવનારા પડકારોને ઝીલવાનો રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો. આ હાઈ પ્રોફાઈલ મુલાકાત પર દુનિયાની નજર હતી, જેમાં ૪ મુખ્ય MoUs (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) થયા, જેના પર બંને દેશોએ મંજૂરીની મહોર લગાવી, સૌથી અગત્યનો કરાર ક્રિટિકલ મિનરલ્સ, સેમીકંડક્ટરને લઈને થયો, આજના ડિજિટલ યુગમાં મોબાઈલથી લઈને મિસાઈલ સુધી દરેક જગ્યાએ સેમીકંડક્ટરની જરૂર પડી રહી છે, તેવામાં જર્મનીનો સાથ મળશે તો ભારતની ટેકનિકલ ક્ષમતાઓને નવી ગતિ મળશે.

આ ઉપરાંત સંરક્ષણ કરાર પર એક સંયુક્ત ઘોષણાપત્ર પણ જાહેર કરવામાં આવ્યું, PM મોદીએ સાફ શબ્દોમાં કહ્યું કે રક્ષા અને સુરક્ષામાં બંને દેશોનો સહકાર પરસ્પર ભરોસાનું પ્રતીક છે, બંને દેશ હવે સંરક્ષણ વેપારને આગળ વધારવા રોડમેપ તૈયાર કરશે. ત્રીજો કરાર હાયર એજ્યુકેશન એટલે કે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે થયો, જેથી ભારતીય વિદ્યાર્થીઓ માટે નવા અવસર ઊભા થશે તેવા આશા છે. ઉપરાંત, આયુર્વેદને વિશ્વના મંચ પર લઈ જવા પણ બંને દેશે હાથ મળાવ્યાં છે.

વાતચીત માત્ર વેપાર પૂરતી સીમિત ન હતી, પ્રધાનમંત્રી મોદીએ વૈશ્વિક શાંતિ અને સુરક્ષાના મુદ્દે પણ જર્મન ચાન્સેલર સાથે ગહન ચર્ચાઓ કરી, બંને નેતાઓએ યુક્રેન અને ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે મંત્રણા કરી, આ દરમિયાન ર મોદીએ આતંકવાદને લઈને કડક વલણ રાખતા કહ્યું કે આતંકવાદ માનવતા માટે ખતરો છે, સાથે સ્પષ્ટ સંકેત આપ્યો કે ભારત સુરક્ષાના મામલે દુનિયાને એકસાથે લાવવાનો પ્રત્યન કરી રહ્યું છે, આ અભિયાનમાં જર્મની એક મહત્વનું ભાગીદાર છે. PM મોદીએ એ પણ યાદ અપાવ્યું કે ભારતમાં ૨ હજારથી વધુ જર્મન કંપનીઓ લાંબા સમયથી કામ કરી રહી છે. જે બંને દેશોના સંબંધોની ઊંડાઈને ઉજાગર કરે છે. વડાપ્રધાન મોદીએ જર્મન ચાન્સેલરની ભારત યાત્રાને સ્વામી વિવેકાનંદના જન્મદિવસ સાથે જોડતા કહ્યું કે, સ્વામીજીએ ભારત અને જર્મની વચ્ચે દર્શન અને ન્યાયના સંબંધોની વકીલાત કરી હતી, તો બીજી તરફ જર્મન ચાન્સેલરે તેમનો અનુભવ જણાવતા કહ્યું કે, આજે સવારે જ મહાત્મા ગાંધી સાથે જોડાયેલા સ્થળની મુલાકાત કરી, તેમણે ગાંધીજીના એ પ્રસિદ્ધ કથનને યાદ કર્યું કે જે પરિવર્તન તમે દુનિયામાં જોવા માંગો છો, તે તમે બનો, જર્મન ચાન્સલરે અમદાવાદને આધુનિક ભારતનો પાયો બતાવી કહ્યું હતું કે ગાંધીજીએ અહીંથી જ સંઘર્ષની શરૂઆત કરી હતી.

## ભારતના પડોશી દેશમાં નેપાળમાં ફરી રાજાશાહીની માંગ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કાઠમંડુ, તા.૧૨**

નેપાળમાં આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલા રાજકીય ગરમાવો તેજ થયો છે. રવિવારે રાજધાની કાઠમંડુમાં સેંકડો રાજાશાહી સમર્થકોએ રસ્તા પર ઉતરીને દેશમાં ફરીથી રાજાશાહી સ્થાપિત કરવાની માંગ સાથે વિશાળ રેલી યોજી હતી.

૧૮મી સદીમાં શાહ વંશનો પાયો નાખનાર પૃથ્વી નારાયણ શાહની જન્મજયંતિના અવસરે આયોજિત આ રેલીમાં પ્રદર્શનકારીઓએ અમે અમારા રાજાને પ્રેમ કરીએ છીએ અને રાજાને પાછા લાવો જેવા નારા લગાવ્યા હતા. નોંધનીય છે કે જેન-ઝી આંદોલન અને ત્યારબાદ સપ્ટેમ્બરમાં થયેલી હિંસા પછી રચાયેલી વચગાળાની સરકારના શાસનકાળમાં મોટી સંખ્યામાં રાજશાહી સમર્થકોની રસ્તા પર ઉતર્યા હતા. રાજાશાહી સમર્થકોની દલીલ છે કે વર્ષ ૨૦૦૮માં રાજા જ્ઞાનેન્દ્ર વિક્રમ શાહને ગાદી પરથી હટાવ્યા બાદ અમલી બનેલી ગણતંત્ર વ્યવસ્થા દેશને સ્થિરતા આપવામાં નિષ્ફળ રહી છે. તેમજ પ્રદર્શનકારીઓના મતે વર્તમાન રાજકીય અસ્થિરતા અને અવ્યવસ્થાનો એકમાત્ર ઉકેલ રાજાની વાપસી છે, જે દેશમાં ફરીથી એકતા સ્થાપિત કરી શકે છે. માર્ચમાં યોજાનારી સંસદીય ચૂંટણીઓ પૂર્વે આ આંદોલને નેપાળમાં નવી રાજકીય ચર્ચા જગાવી છે. જોકે, ભૂતકાળમાં આવી રેલીઓ દરમિયાન હિંસા જોવા મળી હતી, પરંતુ આ વખતનું પ્રદર્શન શાંતિપૂર્ણ રહ્યું હતું. તેમ છતાં, વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત રાખ્યો હતો. નિષ્ણાતો માને છે કે ચૂંટણી નજીક આવતા જ રાજાશાહીનો આ મુદ્દો મોટું રાજકીય હથિયાર બની શકે છે.

**ઈતિહાસમાં પહેલીવાર સાઉથ બ્લોકને અલવિદા કહેશે PMO!**

## સેવા તીર્થમાં શિફ્ટ થશે વડાપ્રધાનનું કાર્યાલય

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે (૧૪ જાન્યુઆરી, ૨૦૨૬)થી નવા PMO કાર્યાલય સેવા તીર્થ પરિસરમાં શિફ્ટ કરશે. આમ ઈતિહાસમાં પહેલીવાર સાઉથ બ્લોકને અલવિદા કહેશે PMO.

કેન્દ્ર સરકારની મહત્ત્વકાંક્ષી સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પરિયોજનાનો મહત્ત્વનો એક ભાગ છે. વહીવટીતંત્રમાં સુમેળ અને કાર્યોને વધુ યોગ્ય બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ નિર્ણય લેવાયો છે.

નવી વ્યવસ્થા હેઠળ વડાપ્રધાન કાર્યાલય હવે સેવા તીર્થ-૧ ભવનમાં સંચાલિત થશે, જે કાર્યપાલિકા પરિસર-૧માં વાયુ ભવન પાસે સ્થિત છે. આ પરિસરમાં સેવા તીર્થ-૨ અને સેવા તીર્થ-૩ ભવન પણ છે. સપ્ટેમ્બર, ૨૦૨૫ પહેલા જ સેવા તીર્થ-૨માં કેબિનેટ સચિવાયલ શિફ્ટ થઈ ગઈ છે. જ્યારે સેવા તીર્થ-૩માં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયનું કાર્યાલય સ્થાપિત કરાશે.

આ શિફ્ટિંગ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે, કારણ કે સ્વતંત્રતા પછીથી વડાપ્રધાન કાર્યાલય સાઉથ બ્લોકમાં સ્થિત હતું. સાઉથ અને નોર્થ બ્લોક ખાલી કર્યા પછી, તેને "યુગેયુગીન ભારત સંગ્રહાલય" માં રૂપાંતરિત કરવામાં આવશે. જેનાથી જનતા ભારતની વહીવટી અને ઐતિહાસિક યાત્રાને સમજી શકશે.

આશરે ૧,૧૮૯ કરોડ રૂપિયાની કિંમતે તૈયાર કરાયેલા સેવા તીર્થ પરિસર ૨,૨૬,૨૦૩ વર્ગ ફૂટ ક્ષેત્રમાં વિસ્તરેલો છે અને જેનું નિર્માણ લાર્સન એન્ડ ટૂબ્રોએ કર્યુ છે. આની ડિઝાઈન સેવાની થીમ પર આધારિત છે, જેમાં આધુનિક કાર્યસ્થળો સાથે ભવ્ય રૂમનો પણ સમાવેશ થાય છે.

સરકારનું કહેવું છે કે, આ ફેરફાર વસાહતી વારસાથી આગળ વધવા અને ભારતીય મૂલ્યો અનુસાર શાસન પ્રવચનને મજબૂત બનાવવાની દિશામાં એક મોટું પગલું છે, અને કર્તવ્ય પથનું નામ બદલવા જેવા નિર્ણયો તેની સાથે સુસંગત છે.

સેવા તીર્થની પાસે વડાપ્રધાન નવા સત્તાવાર નિવાસસ્થાન એક્ઝિક્યુટિવ એન્ક્લેવ ભાગ-૨નું પણ નિર્માણ ચાલી રહ્યું છે, જે વડાપ્રધાન મોદીના વહીવટી સુધારા અને નવા કામ કરવાની રીતનું રિફ્લેક્શન છે. આ બદલાવ ભારતની આધુનિક કાર્યપ્રણાલી અને શાસન માટે નવા યુગની શરૂઆતનું પ્રતિક માનવામાં આવે છે.

## ભારતમાં લોન્ચ પહેલા સ્ટારલિંકને મળી મોટી મંજૂરી, કનેક્ટિવિટી થશે સુપરફાસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

અમેરિકન અબજોપતિ એલોન મસ્કની કંપની સ્ટારલિંક, ભારતમાં તેની સેટેલાઇટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની તૈયારી કરી રહી છે. કંપનીને એક મોટી મંજૂરી મળી છે, જેનાથી તે તેના નેટવર્કમાં ઉપગ્રહોની સંખ્યા બમણી કરી શકશે. યુએસ ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન (FCC) એ ૭,૫૦૦ સેકન્ડ જનરેશનના ઉપગ્રહો તૈનાત કરવાની કંપનીની વિનંતીને મંજૂરી આપી છે. આનાથી કંપનીના નેટવર્કમાં ઉપગ્રહોની કુલ સંખ્યા ૧૫,૦૦૦ થશે.

FCC એ કંપનીને ઉપગ્રહોની સંખ્યા વધારવા માટે માત્ર લીલી ઝંડી જ નથી આપી, પરંતુ તે પાંચ ફ્રીક્વન્સીઝ અને તરંગો પર પણ કાર્ય કરી શકશે જે અગાઉ પ્રતિબંધિત હતા. FCC ચીફ બ્રેન્ડન કારે જણાવ્યું હતું કે આ મંજૂરી ન્યૂ જનરેશન સેવાઓ માટે




ગેમ-ચેન્જર હશે. નવા ઉપગ્રહો કંપનીને શ્રેષ્ઠ ઉપગ્રહ બ્રોડબેન્ડ ક્ષમતાઓ પ્રદાન કરવામાં સક્ષમ બનાવશે. મસ્કની કંપની કુલ ૩૦,૦૦૦ ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે, જેમાંથી તેને ૧૫,૦૦૦ માટે મંજૂરી મળી ગઈ છે. FCC ની જરૂરિયાતો અનુસાર, કંપની પાસે ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં તેના સેકન્ડ જનરેશન ઉપગ્રહોમાંથી અડધા કાર્યરત હોવા જોઈએ, અને બાકીના ઉપગ્રહોને તૈનાત કરવા માટે ડિસેમ્બર ૨૦૩૧ સુધીનો સમય હોવો જોઈએ.

સ્ટારલિંકને ભારતમાં તેની સેવા શરૂ કરવા માટે કામચલાઉ લાઈસન્સ મળ્યું છે, અને ટ્રાયલ ચાલી રહી છે. હવે, કંપનીને નવા ઉપગ્રહો લોન્ચ કરવાની મંજૂરી મળી ગઈ છે જે કનેક્ટિવિટીને મોટો વેગ આપશે અને ભારત સહિત વિશ્વભરના તમામ દેશોને લાભ આપશે જ્યાં સ્ટારલિંક સેવાઓ ઉપલબ્ધ છે. સ્ટારલિંકની વરિષ્ઠ ટીમ ભારત સરકાર સાથે ચર્ચા કરી રહી છે અને એવી અપેક્ષા છે કે આગામી થોડા મહિનામાં સ્ટારલિંકની ઉપગ્રહ સેવા ભારતમાં શરૂ થશે.

સ્ટારલિંક એક ઉપગ્રહ-આધારિત ઈન્ટરનેટ સેવા છે જે પૃથ્વીના નીચલા ભ્રમણકક્ષા (LEO) માં પરિભ્રમણ કરતા હજારો નાના ઉપગ્રહો દ્વારા ઈન્ટરનેટ સેવા પૂરી પાડે છે. તેનો હેતુ એવા સ્થળોએ ઈન્ટરનેટ પ્રદાન કરવાનો છે જ્યાં પરંપરાગત નેટવર્ક નિષ્ફળ ગયા છે.

### સ્ટારલિંકના શું ફાયદા થશે?

- ગ્રામીણ, પહાડી અને સરહદી વિસ્તારોમાં પણ ઝડપી ઈન્ટરનેટ ઉપલબ્ધ થશે.
- જિયો કે એરટેલ નેટવર્ક ન હોય તો પણ કનેક્ટિવિટી શક્ય છે.
- વિદ્યાર્થીઓ ઓનલાઈન વર્ગોમાં હાજરી આપી શકશે.
- ટેલિમેડિસિન દ્વારા દૂરથી ડૉક્ટરની સલાહ ઉપલબ્ધ થશે.
- ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન મળશે - પંચાયત, શાળા, સ્થાનિક વ્યવસાયો જોડાયેલા રહેશે.
- આપત્તિઓ (પૂર, ભૂકંપ) દરમિયાન પણ ઈન્ટરનેટ ઉપલબ્ધ રહેશે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી જવાબ માંગતી સુપ્રીમ

## SC અને ST અનામતમાં ક્રીમી લેયરને લાભ ના મળવો જોઈએ?


**અરજદારો ઈચ્છે છે કે, સમૃદ્ધ લોકોને અનામતનો લાભ ના મળવો જોઈએ, અને સુપ્રીમ કોર્ટે આવું કરવા માટે જરૂરી નિર્દેશો આપવા જોઈએ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

સુપ્રીમ કોર્ટે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટેની અનામતમાંથી ક્રીમી લેયરને બાકાત કરવાની માંગણી કરતી અરજી દાખલ કરીને કેન્દ્ર સરકાર તેમજ દેશના વિભિન્ન રાજ્ય સરકારોને નોટિસ ફટકારીને જવાબ રજૂ કરવા જણાવ્યુ છે. આજે સોમવારે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટમાં કરાયેલ અરજીમાં એવી રજૂઆત કરાઈ છે કે, ક્રીમી લેયરને અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટેની અનામતનો લાભ ના મળે. સુપ્રીમ કોર્ટે આ અરજી સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકારોને નિર્દેશો જાહેર કર્યા છે. સુપ્રીમ કોર્ટે ચાર અઠવાડિયામાં આ અરજી સંદર્ભે જવાબ માંગ્યો છે.

આ બાબતે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે અરજી દાખલ કરીને તેના પર સુનાવણી કરવા સંમતિ આપી અને SC અને ST અનામતમાં પણ 'ક્રીમી લેયર' લાગુ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે. અરજદારે દાવો કર્યો હતો કે, અનામતનો લાભ મોટાભાગે અનુસૂચિત જાતિ અને



અનુસૂચિત જનજાતિના શ્રીમંત અને વિશેષાધિકૃત વર્ગો મેળવી રહ્યા છે, જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ગરીબો પાછળ રહી ગયા છે.

૧ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, પોતાના ૨૦ વર્ષ જૂના નિર્ણયને ઉથલાવીને, સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, રાજ્ય સરકારો અનુસૂચિત જાતિ ક્વોટામાં પેટા-શ્રેણીઓ બનાવી શકે છે. બેન્ચે જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિઓને તેમની જાતિના આધારે વિભાજીત કરવાથી બંધારણની કલમ ૩૪૧નું ઉલ્લંઘન થતું નથી.

સાત ન્યાયાધીશોની બેન્ચના ભાગ રહેલા ન્યાયાધીશ બી.આર. ગવઈએ જણાવ્યું હતું કે, રાજ્યોએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જૂથોમાં ક્રીમી લેયરને ઓળખવા અને તેમને અનામત લાભોથી વંચિત રાખવા માટે નીતિ પણ બનાવવી જોઈએ.

જોકે, ૯ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, કેન્દ્ર સરકારે જાહેરાત કરી હતી કે તે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અનામતમાં ક્રીમી લેયરનો ખ્યાલ લાગુ કરશે નહીં. કેબિનેટ બેઠક બાદ, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, NDA સરકાર બીઆર આંબેડકર દ્વારા બનાવવામાં આવેલા બંધારણથી બંધાયેલી છે, જેમાં SC અને ST ક્વોટામાં ક્રીમી લેયર માટે કોઈ જોગવાઈ નથી.

ISROનું મિશન ફેલ

## ત્રીજા સ્ટેજમાં રસ્તો ભટકી ગયો અન્વેષા સેટેલાઈટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શ્રીહરિકોટા, તા.૧૨**

આજે ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ને સોમવારનો દિવસ ભારતના અંતરિક્ષ કાર્યક્રમ માટે એક ખૂબ જ મહત્વનો દિવસ હતો. ઈસરો (ISRO)એ શ્રીહરિકોટાથી PSLV-C62 રોકેટ છોડ્યું—આ હતું ૨૦૨૬નું પહેલું અંતરિક્ષ મિશન! રોકેટે સવારે ૧૦:૧૮ વાગ્યે આકાશમાં ઉડાન ભરી હતી. શરૂઆતના ત્રણ સ્ટેજ બિલકુલ સરસ ચાલ્યા. દરેક વ્યક્તિના ચહેરા પર ખુશી હતી, તાળીઓનો અવાજ ગુંજી રહ્યો હતો. આ મિશનમાં સૌથી મોટો સેટેલાઈટ હતો અન્વેષા (EOS-N1)—જે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા બનાવેલો અત્યંત અદ્યતન હાઈપરસ્પેક્ટ્રલ સેટેલાઈટ હતો. આ સેટેલાઈટની ખાસિયત વિશે વાત કરીએ તો પૃથ્વી પરની નાનીમાં નાની વસ્તુઓ પણ સ્પષ્ટ જોઈ શકે તેવી તેની ક્ષમતા હતી.

આ ઉપરાંત રોકેટમાં અન્વેષા (EOS-N1)ની સાથે-સાથે ૧૫ અન્ય નાના-મોટા સેટેલાઈટ પણ હતા. ત્રીજા સ્ટેજ સુધી બધું જ બરાબર ચાલી રહ્યું હતું, પણ



અચાનક ત્રીજા સ્ટેજ (PS3)ના અંતે કંઈક ગડબડ થઈ. રોકેટનો રસ્તો બદલાઈ ગયો, દિશા ખોરવાઈ ગઈ અને મિશન કંટ્રોલ રૂમમાં ચુપ્પી છવાઈ ગઈ. દુઃખની વાત એ છે કે સેટેલાઈટને યોગ્ય ઓર્બિટમાં મૂકી શકાયા નહીં. અન્વેષા અને બાકીના બધા સેટેલાઈટને નુકસાન થયું. એટલે કે અન્વેષા સેટેલાઈટનું લોન્ચિંગ ફેલ થઈ ગયું છે.

અન્વેષા સેટેલાઈટનું લોન્ચિંગ ફેલ થયા બાદ ઈસરોના ચીફનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, "ત્રીજા સ્ટેજ સુધી બધું નોર્મલ ચાલ્યું હતું, પરંતુ અચાનક દિશામાં બદલાઈ ગઈ. અમે હાલ બધા ડેટાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી રહ્યા છીએ. જે પણ અપડેટ આવશે તે આપને જણાવીશું."

વાપીમાં મહેસાણા યુવા દાતાઓ મકરસંક્રાતિએ માનવતાની મિશાલ કાયમ કરશે

# શ્વાનો માટે ૧૦ હજાર લાડુ વહેંચવામાં આવશે





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૨

મકરસંક્રાતિ માત્ર પતંગ ઉડાડવાનું પર્વ નથી પરંતુ શાસ્ત્રોક રીતે જીવદયા માનવતા પ્રકાટવવાનું પણ પર્વ છે. જેતે ઉજાગર કરવા માટે વાપી મહેસાણાના યુવા દાતાઓ દ્વારા મકરસંક્રાતિ પર્વે નિમિત્તે માનવતાની મિશાલ કાયમ કરવાની કામગીરી કરવામાં આવનાર છે. શ્રાનો માટે ૧૦ હજાર લાડુ વહેંચવામાં આવશે.

મહેસાણા યુવા બ્રિગેડના સખી દાતાઓ છેલ્લા ૩૨ વર્ષથી પ્રત્યેક મકરસંક્રાતિ પર્વે માનવતા ભરી જીવદયાની કામગીરી ચલાવી રહ્યા છે. આ વર્ષે શ્વાન માટે ૩૦૦ કિલો લોટ, ૧૮૦ કિગ્રા ગોળ અને ૧૩૫ કિગ્રા તેલ સાથે ૧૦ હજાર લાડુ બનાવવાની કામગીરી શરૂ થઈ ચૂકી છે. લાડુ તૈયાર થયા પછી વિવિધ વિસ્તારોમાં શ્વાનોના ગાડીઓમાં બોક્ષ લઈ યુવાનો લાડુ વિતરણ કરશે. તદ્ઉપરાંત રાતા પાંજરાપોળમાં ગૌમાતાના ઘાસચારા અને પક્ષીઓના દાણા માટે ૪૦ હજાર ઉપરાંતનું દાન કરવામાં આવનાર છે. વાપીમાં વસતા મહેસાણાના વેપારીઓ અને યુવાનો છેલ્લ ૩૨ વર્ષથી આ પર્વે માનવતાનો સેવાયજ્ઞ પ્રતિવર્ષ ચલાવી રહ્યા છે. સખી દાતાઓ તેને પ્રેરકબળ સતત પુરુ પાડી રહ્યા છે.

**રાતા પાંજરા પોળમાં ગૌમાતા ઘાસચારા સાથે પક્ષીઓના દાણ માટે ૪૦ હજારનું દાન અપાશે**

# વિવેકાનંદ ઉત્સવના ઉપક્રમે ધરમપુરમાં વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે યુવા રેલી અને યુવા સંમેલનમાં ૩૦૦૦ યુવાનો જોડાયા

## પોતાના માં-બાપને જ પોતાના એકમાત્ર ઈશ્વર માની પૂજા કરોઃ સંજયભાઈ રાવલ







**સવારે ત્રણ કિલોમીટર લાંબી યુવા રેલી બાદ આયોજીત યુવા સંમેલનને ગુજરાતના જાણીતા મોટીવેટર સંજયભાઈ રાવલ, ડાંગના પી.પી. સ્વામી, અને જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજશ્રીબેન ટંડેલે વિદ્યાર્થીઓને પોતાના વક્તવ્યથી વિવેકાનંદમય બનાવી દીધા**

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૨

વિવેકાનંદ ઉત્સવના ઉપક્રમે શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ ધરમપુર દ્વારા સોમવારે સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મજયંતીની (રાષ્ટ્રીય યુવાદિન) ઉજવણી નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે યુવા રેલી અને બાદ એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ ખાતે યુવા સંમેલનનું આયોજન હાથ ધરાયું હતું જેમાં ધરમપુર નગરના અને તાલુકાની વિવિધ શાળા અને મહાશાળાના ૩૦૦૦ વિદ્યાર્થીમિત્રો ભાગ લીધો હતો.

સવારે ૮.૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ સ્મારક સમડીચોક સ્થિત વિવેકાનંદજીની પ્રતિમા ખાતે નગરજનો અને શાળા પરિવાર દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી બાદ યુવા રેલીમાં ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકો જોડાયા હતા. આખા નગરમાં વિવેકાનંદજીનો જયઘોષ કરી યુવા રેલી એસ.એમ.એસ.એમ હાઈસ્કૂલ ખાતે યુવા સંમેલનના ફેરવાઈ ગઈ હતી.

પ્રારંભિક પ્રવચનમાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજશ્રીબેન ટંડેલે વિદ્યાર્થીઓને સંબોધનમાં વિવેકાનંદજીને યુવા શક્તિ અને યુવા વિચારક તરીકે બિરદાવ્યા હતા અને દરરોજ વિવેકાનંદજીના પુસ્તકોનું અધ્યન કરવા ઉપર ભાર મુક્યો હતો. પ્રાયોશા પ્રતિષ્ઠાન ડાંગના પ્રાણેતા પી.પી.સ્વામીએ જણાવ્યું હતું કે, આજે પણ વિવેકાનંદજી 'વિચારો સ્વરૂપે' આપણી વચ્ચે જ છે એમના વિચારોને અપનાવશું તો જીવન ઘડતર ખુબ સારું થશે.

મુખ્ય વક્તા સંજયભાઈ રાવલે ૬૫ મિનિટના પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત લાવવાની વાત કરી, ૮૪ લાખ યોનીની બાદ મળેલા મનુષ્ય જન્મને બનાવી સાર્થક બનવવાની સાથે દેશમાટે કૈક કરી છૂટવાની અને મેડલો લાવવાની વાત કરી હતી, તન અને મન સ્વસ્થ હશે તો ધનના ઢગલાઓ થઈ જશે એમ જણાવી વિદ્યાર્થીઓને દરરોજ નિયમિત વ્યાયામ કરી શરીરને પણ સ્વસ્થ રાખવાની ટકોર કરી હતી, ૭૦૦ વર્ષ મોગલોના અને ૩૦૦ વર્ષ અંગ્રેજોની ગુલામી બાદ પણ આજે સનાતન ધર્મ કોઈથી ડર્યો નથી એમાં જણાવી સનાતન સંસ્કૃતિની ઉત્કૃષ્ઠતાનો માહિમામંડન કર્યું હતું, વિદ્યાર્થીઓને ક્યારેક પરીક્ષામાં ક્યારેક ઓછા ટકા આવે તો નિરાશ નહિ થવાનું અને વિચારવાનું કે ઈશ્વરનો મારા માટે કોઈકે જુદો પ્લાન પ્લાન હશે એમ જણાવી વિદ્યાર્થીઓને હંમેશ શિસ્તમાં રહેવા અને પોતાના માઁ-બાપને જ પોતાના એકમાત્ર ઈશ્વર માની પૂજા કરવા જણાવ્યું હતું.

શરૂઆતમાં પ્રાસંગિક પ્રવચન ડૉ.દોલતભાઈ દેસાઈએ, પ્રાર્થના અને સ્વાગત ગીત બી.આર.એસ બીલપુડીની વિદ્યાર્થીઓએ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રતિક કોટકે કર્યું હતું.

આ પ્રસંગે ધરમપુર ભાજપ શહેર પ્રમુખ અમિત ચોરેરા, પાલિકા પ્રમુખ મયંક મોદી, ટ્રસ્ટના ગિરીશ સોલંકી, રાહુલ વસાણી, મુકેશ મેરાઈ, હિતેશ મેરાઈ, પ્રકાશ મેરાઈ, ઉદય પટેલ, હિરેન પટેલ, દેવલ રાંચ, પંકજ પટેલ, વત્સલ પરમાર વિવિધ શાળાના આચાર્ય અને શિક્ષકશ્રીઓ, નગરના શ્રેષ્ઠિઓ, પત્રકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# 'શ્રી સોમનાથ સ્વાભિમાન પર્વ': વલસાડના શ્રી અતુલેશ્વર મહાદેવ મંદિરે ૧૦૦૮ દીપ આરતીથી ઝળહળી ઉઠ્યું





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૨

આસ્થા, શક્તિ અને સ્વાભિમાનના ૧૦૦૦ વર્ષની ભવ્ય ઉજવણીના પ્રતીક સમાન શ્રી સોમનાથ સ્વાભિમાન પર્વની હાલ સમગ્ર દેશમાં ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને યોજાનારા આ ઐતિહાસિક પર્વને વધાવવા માટે સમગ્ર ગુજરાતમાં ભક્તિમય માહોલ સર્જાયો છે. આ અંતર્ગત વલસાડના કોચવાડા સ્થિત સુપ્રસિદ્ધ શ્રી અતુલેશ્વર મહાદેવ મંદિર ખાતે ૧૦૦૮ દીપ આરતીનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાવન પ્રસંગે શ્રી સોમનાથના ઈતિહાસ અને ગૌરવને યાદ કરી ૧૦૦૮ દીવડાઓ પ્રગટાવીને મહાદેવની આરાધના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે ધરમપુર વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય અને પ્રદેશ ભાજપના નવનિયુક્ત ઉપપ્રમુખ શ્રી અરવિંદભાઈ પટેલ, પ્રદેશ ભાજપના નવનિયુક્ત મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન), વલસાડ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી મીનાબેન ઠાકોર, સરપંચ શ્રી અવિનાશ તલવિયા, ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને કોચવાડા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

૧૦૦૮ દીપકોના પ્રકાશથી અતુલેશ્વર મહાદેવનું પ્રાંગણ ઝળહળી ઉઠ્યું હતું અને શ્રદ્ધાળુઓમાં એક અનોખો ઉર્જાનો સંચાર જોવા મળ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ આ પ્રસંગે સોમનાથ સ્વાભિમાન પર્વનું મહત્વ સમજાવી, તેને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક ગણાવ્યું હતું. સમગ્ર વલસાડ પંથકમાં આ દીપ આરતીનો કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો અને વાતાવરણ 'હર હર મહાદેવ'ના નાદથી ગુજી ઉઠ્યું હતું.

# સરીગામની લક્ષ્મી વિદ્યાપીઠમાં વાર્ષિક મહોત્સવ "Yugam-2026"ની ભવ્ય ઉજવણી

## સતયુગથી કલિયુગ સુધીની સંસ્કૃતિ અને ૮૫ વર્ષના સામાજિક બદલાવની વિદ્યાર્થીઓએ રજૂ કરેલી કૃતિઓ







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૧૨

સરીગામ ખાતે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળા, લક્ષ્મી ગ્લોબલ શાળા અને લક્ષ્મી ઈન્ટરનેશનલ પ્રિ-પ્રાઈમરી શાળા દ્વારા તાજેતરમાં તારીખ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે વાર્ષિક મહોત્સવ "Yugam-2026" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ અને સમય સાથે આવેલા પરિવર્તનોને અનોખી રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

સાંસ્કૃતિક વારસા અને આધુનિકતાનો સમન્વય "Yugam-2026"ના મુખ્ય વિષય હેઠળ વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિના ચાર યુગ, સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગની સુંદર ઝાંખી કરાવી હતી. આ ઉપરાંત, ઈ.સ.૧૯૪૦થી ઈ.સ.૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન શિક્ષણ પ્રણાલી, ક્રાંતિકારીઓ, તહેવારો, પહેરવેશ, વિજ્ઞાન, સંગીત અને ફિલ્મ જગતમાં આવેલા વ્યાપક બદલાવને ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓએ વિવિધ નાટક અને નૃત્ય કૃતિઓ દ્વારા જોરદાર રીતે રજૂ કર્યા હતા.

આ મહોત્સવમાં આશરે ૭,૦૦૦થી વધુ વાલીઓ અને નગરજનોએ હાજરી આપી હતી. કાર્યક્રમની સાથે વિવિધ ગેમ્સ અને ખાણી-પીણીના સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા, જેનો પ્રેક્ષકોએ મન ભરીને આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડૉ.આર.કે. નાયર (ઈન ધ ગ્રીન ઓફ ઈન્ડિયા), સરીગામના રાજકીય આગેવાન શ્રી રાકેશભાઈ રાય, સરીગામના સરપંચશ્રી સહદેવભાઈ, ભીલાડના પી.આઈ. શ્રી એસ.એસ.પવાર અને સરીગામના પી.આઈ.શ્રી સુવજીયાસર ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

આભાર વિધિ ગજેરા ટ્રસ્ટના પ્રેસિડન્ટ શ્રી વસંતભાઈ ગજેરા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ સફળ આયોજન શાળાના આચાર્યશ્રી પ્રવીણભાઈ પવાર, શ્રી કૌસ્તુભ આરેકર અને શ્રીમતી ઋણા કૌર દ્વારા કરવામાં આવ્યું હતું.

# વલસાડમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૨

ભારતના મહાન ચિંતક અને યુવાનોના પ્રેરણાસ્રોત સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિને આજે સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે ઉજવવામાં આવી રહી છે. આ અવસરે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્વામીજીને ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, દક્ષિણ ઝોનના પ્રભારી અને પ્રદેશ મહામંત્રી શ્રી પ્રશાંતભાઈ કોરાટ તેમજ વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ વલસાડ એસ.ટી.ડેપો પાસે આવેલી સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલની આગેવાનીમાં યોજાયો હતો. ઉપસ્થિત સૌ આગેવાનો અને કાર્યકર્તાઓએ સ્વામીજીના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો,આ કાર્યક્રમ દ્વારા યુવા પેઢીમાં દેશભક્તિ અને સ્વામીજીના આદર્શોનો પ્રસાર થાય તેવો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો

આ તબક્કે વલસાડ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ શ્રીમતી જીગીતશાબને પટેલ,વલસાડ તાલુકા ભાજપ પ્રમુખ તેજસભાઈ પટેલ,વલસાડ શહેર સંગઠનના હોદ્દેદારો, શ્રીમતી માલતીબેન ટંડેલ (પ્રમુખ, વલસાડ નગરપાલિકા), શ્રીમતી અલકાબેન દેસાઈ (દંડક વલસાડ નગરપાલિકા), જિલ્લા યુવા મોરચાનાના પ્રમુખ સ્રોહીલભાઈ દેસાઈ, નગર પાલિકાના સભ્યો અને પક્ષના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SAGARKUMAR BHUPESH PANCHAL TO **SAGAR PANCHAL** AS PER DOCUMENT

વાપીના સમાજ સેવક કિરણભાઈ રાવલે

# વાપી તેમજ આજુબાજુના વિસ્તારોમાં લગભગ ૧૮૫૦૦ પતંગો અને ચિક્કીના પેકેટોનું નિઃશુલ્ક વિતરણ કર્યું



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)

**વાપી, તા.૧૨:** વાપીના સમાજ સેવક અને વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી એવા શ્રી કિરણભાઈ રાવલ દ્વારા મકરસંક્રાંતિના તહેવારને ધ્યાનમાં રાખી વાપીના અલગ વિસ્તારમાં નાના બાળકોને મકરસંક્રાંતિ સ્પેશિયલ અને નાના છોકરાઓને પ્રિય પતંગ, દોરીની ફિરકી અને ચિક્કીના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વર્ષે સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલ દ્વારા વાપી તેમજ આજુબાજુના વિસ્તારમાં લગભગ ૧૮૫૦૦ જેટલા પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલના આ સમાજ સેવાના કાર્યથી નાના બાળકોના મોઢા પર ખુશી જોવા મળી હતી અને સમાજ સેવક શ્રી કિરણભાઈ રાવલે દરેક નાના બાળકોને આ મકરસંક્રાંતિના તહેવાર પોતાનું ખાસ ધ્યાન રાખવા સાવચેત કર્યા હતા.

# દક્ષિણ ગુજરાત સફાઈ મહામંડળની વાર્ષિક સામાન્ય સભા મળી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૨

ગુજરાત સફાઈ કામદાર મહામંડળ દક્ષિણ ગુજરાતના મંડળના તમામ હોદ્દેદારશ્રીઓ તથા મંડળના સભ્યશ્રીઓને તારીખ ૧૧/૧/૨૦૨૬ને રવિવારના રોજ નવસારી ખાતે મંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ અધ્યક્ષશ્રી કસ્તુભાઈ મકવાણા, પ્રદેશ મહામંત્રીશ્રી રમેશભાઈ વાઘેલા, પ્રદેશ ઉપપ્રમુખશ્રી પંકજભાઈ સોલંકી, દક્ષિણ ગુજરાત પ્રભારી મિત્રશ્રી રાજેશભાઈ જોધપુરી, સ્ટેટ કમિટી મેમ્બર શ્રી હરજીભાઈ ગરણીયા, સ્ટેટ કમિટી મેમ્બર શ્રી વિનોદભાઈ રાઠોડ, વલસાડ જિલ્લા પ્રમુખશ્રી પંકજકુમાર ગરણીયા, તાપી જિલ્લા પ્રમુખ શ્રી રાજેશભાઈ મજાલપુરીયા તથા તમામ જિલ્લા પ્રમુખશ્રી અને નગર પ્રમુખશ્રી અને કામદાર મિત્રો ભાઈઓ અને બહેનો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તથા વલસાડ નગરપાલિકાના ચોથા વર્ગના તમામ સફાઈ કામદારો આજરોજ ગુજરાત સફાઈ કામદાર મહામંડળમાં પ્રદેશ પ્રમુખશ્રી પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદેશ ઉપપ્રમુખશ્રી અને દક્ષિણ ગુજરાત પ્રભારીશ્રીની હાજરીમાં ગુજરાત સફાઈ કામદાર મહામંડળમાં જોડાયા હતા.

નવસારીના શ્રી વિનોદભાઈ રાઠોડની સમગ્ર ટીમ દ્વારા તમામ નગરપાલિકાના કર્મચારીઓને શાલ, ફુલ, મોમેન્ટો, સન્માન પત્ર, આપી સંન્માનિત કરવામાં આવ્યા હતા.

**CHANGE OF NAME**

**OLD NAME:**
NIKAM SHARVAREE
**NEW NAME:**
**SHARVAREE DNYANESHWAR NIKAM**
**ADDRESS:** FLAT NO.103, SAMBHRAMA, BESIDES SHRIKEWADI BAL UDHYAN, OPP.STATE BANK OF INDIA, KILAVNI NAKA, SILVASSA, U.T. OF D&NH AND D&D - 396230

**UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu**
Health Department, Diu
**Walk in interview for following post:**

**Under UT Plan=** Pediatrician -2, Radiologist-1, Gynacologist-2, Orthopedic-1, Anesthetist -1, Pathologist-1, Physician-1

For details, please scan
diu.gov.in
02875-252480

Notice No. :(i) A-12034/1/2018-CHCGHODIU/581
Notice Date :09/01/2026
Date of Interview :20/01/2026 (01:00 PM)
Venue : Collectorate-Diu.

Health Officer, Ghoghla, Diu

No. IP/DMN/2/5/2025-26/1079, Dated: 12/01/2026

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# હિંમતનગર ખાતે જરૂરિયાતમંદ બાળકોને ઉત્તરાયણના ઉપલક્ષમાં પતંગ, દોરી અને ચિક્કીનું કરેલું વિતરણ



**પ્રદેશ ભાજપ મંત્રી પ્રદીપસિંહ રાઠોડ, ધારાસભ્ય વી.ડી.ઝાલા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારિયા સહિત હિંમતનગર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને આગેવાનોની રહેલી ઉપસ્થિતિ**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**હિંમતનગર, તા.૧૨**

ગુજરાત પ્રદેશના યુવા નેતા અને સામાજિક આગેવાન શ્રી સિદ્ધાર્થભાઈ પટેલના નેતૃત્વમાં હિંમતનગર ખાતે મકરસંક્રાંતિ(ઉત્તરાયણ)ના તહેવારના ઉપલક્ષમાં જરૂરિયાતમંદ બાળકોને પતંગ, દોરી અને ચિક્કીના વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી શ્રી પ્રદીપસિંહ રાઠોડ, ધારાસભ્ય શ્રી વી.ડી.ઝાલા, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ બારિયા અને હિંમતનગર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને આગેવાનોની ખાસ ઉપસ્થિતિ રહી હતી.

ઉત્તરાયણ-મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે જરૂરિયાતમંદ બાળકોને પતંગ અને દોરી મળતાં તેમનામાં આનંદ અને આભારની લાગણી પણ જોવા મળી હતી.

# દોડમાં નાની પગલીઓએ ઈતિહાસ રચ્યો: રાજ્યકક્ષાની એથ્લેટિક્સમાં ચાવશાળાના બે બાળ રમતવીર ઝળક્યા







**અંડર-૯માં સાહિલ ચૌધરીએ રાજ્યમાં પ્રથમ ક્રમ અને સાહિલ જાદવે ૧૧મો ક્રમ મેળવી જિલ્લાનું નામ રોશન કર્યું**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા સુરતની વીર નર્મદ યુનિવર્સિટી ખાતે સીધી રાજ્ય કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધા ૪.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એથ્લેટિક્સ વિભાગમાં અંડર-૯માં ૨૦૦મીટર દોડમાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી ચાવશાળા પ્રાથમિક શાળામાં ધો.૪માં અભ્યાસ કરતા બાળ રમતવીર સાહિલકુમાર પ્રકાશભાઈ ચૌધરીએ સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક અને સાહિલ લક્ષ્મણભાઈ જાદવે ૧૦૦ મીટર દોડમાં રાજ્ય કક્ષાએ ૧૧મું સ્થાન પ્રાપ્ત કરી શાળા તથા જિલ્લાનું નામ રાજ્ય કક્ષાએ રોશન કર્યુ છે.

આ બંને બાળ એથ્લેટિક્સને તૈયાર કરનાર ખેલ સહાયક ચેન્દરીબેન રામજીભાઈ જાદવ કે, જેઓ પોતે સગર્ભા હોવા છતાં પોતાના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર, ટાઢ હોય તડકો હોય કે વરસાદ હોય સતત બાળકોને સમય આપી નિયમિત પ્રેકટીસ કરાવી માર્ગદર્શન પુરુ પાડ્યું હતુ. જે એમની રમત પ્રત્યેનો પ્રેમ અને પોતાના કાર્ય પ્રત્યેની નિષ્ઠાના દર્શન કરાવે છે.

આ તબક્કે શાળાના આચાર્યાશ્રી હિરલબેન પટેલે વિદ્યાર્થી અને ખેલ સહાયક બંનેને અભિનંદન પાઠવ્યા હતા. સાથે રાજ્ય સરકારનો પણ ખેલ સહાયકની ભરતી કરવા બાબતે આભાર વ્યક્ત કર્યો હતો. ખેલ સહાયક આવવાથી શાળા સતત રાજ્ય કક્ષાએ ખૂબ સારું પ્રદર્શન કરી રહી છે એમ જણાવ્યું હતુ. કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી મનોજભાઈ ટંડેલ અને કપરાડાના બીઆરસી કો-ઓર્ડિનેટર સંજય મકવાણાએ બંને બાળ રમતવીરોને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

# ઉમરગામને દરિયાકિનારે ઉડાન ઉત્સવ ૨૦૨૬નું થનારુ ભવ્ય આયોજન 'પર્યાવરણ અને સંસ્કૃતિનો અનોખો સંગમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૨**

આગામી ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઉમરગામના બીચ પર એક વિશિષ્ટ 'બીચ ફેસ્ટિવલ ઉડાન ઉત્સવ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. મી એન્ડ મી ગ્રુપ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મનોરંજનની સાથે સામાજિક જવાબદારી અને પર્યાવરણ જાગૃતિ ફેલાવવાનો છે. આ વર્ષે આ ઉત્સવ ત્રણ વિશેષ લક્ષ્યો સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક મુક્તિ,ડિજિટલ ડિટોક્સ પર કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ઉત્સવમાં આવનાર દરેક વ્યક્તિને એક વૃક્ષ અને કાપડની થેલી ભેટ આપી પર્યાવરણ જાળવણીનો પ્રત્યક્ષ પાઠ ભણાવવામાં આવશે. તેમજ સ્થાનિક મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે વિનામૂલ્યે સ્ટોલ ફાળવવામાં આવ્યા છે. લાઈવ મ્યુઝિક, ડાન્સ શો અને બાળકો તેમજ વાલીઓ માટે વિવિધ સ્પર્ધાઆનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમના પ્રોજેક્ટ પ્રમુખ શ્રીમતી સ્મિતા બહેન કાપડીએ જણાવ્યું હતું કે, આજની પેઢી પ્લાસ્ટિક અને મોબાઈલના ભરડામાં છે. અમારો આ નાનકડો પ્રયાસ બાળકોને ટેલેન્ટ તરફ વાળવા અને ધરતીને પ્રદૂષણ મુક્ત કરવા માટેનો છે.

આ કાર્યક્રમ બુધવારના રોજ સવારે ૧૦ વાગ્યે શરૂ થશે. આયોજકો દ્વારા ઉમરગામ અને આસપાસના રહેવાસીઓને પરિવાર સાથે આ ઉત્સવમાં જોડાઈને પર્યાવરણ બચાવવાના શપથ લેવા અપીલ કરવામાં આવી છે.

# વલસાડ મોગરાવાડીમાં ચાઈનીઝ દોરાના ચેકીંગ માટે ગયેલા પોલીસકર્મી પર હુમલો કરનાર ત્રણ ઝડપાયા



**ત્રણેય આરોપીઓને પોલીસે દોરડે બાંધી સરઘસ કાઢ્યું: કાયદાનો પાઠ ભણાવાયો**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

વલસાડમાં રવિવારે સાંજે પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું પોલીસ મોગરાવાડીમાં ચેકીંગ કરી રહી હતી. તે દરમિયાન માથાના ફરેલ ત્રણ ઈસમોએ પોલીસ ઉપર હૂમલો કરી દીધો હતો. ઘટના બાદ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. આજે સોમવારે ત્રણેય હુમલાખોર આરોપીઓ પોલીસની અડફેટે ચઢી ગયા હતા.

મોગરાવાડીમાં ચાઈનીઝ દોરાના ચેકીંગ દરમિયાન મોગરાવાડીમાં પોલીસ ઉપર હુમલો રવિવારે રાત્રિ દરમિયાન થયો હતો. સવારે પોલીસે કડક કાર્યવાહી કરી ત્રણેય હુમલાખોર આરોપીઓ ઝડપી લીધા હતા. પોલીસે ત્રણેય હુમલાખોરાને કાયદોનો બરોબર પાઠ ભણાવી દીધો હતો. ત્રણેયને દોરડાથી બાંધી શહેરમાં સરઘસ કાઢ્યું હતું. અન્ય અસમાજીક તત્વોમાં પણ પોલીસ કામગીરીથી વ્યાપક ફફડાટ વ્યાપી ગયો હતો.

# વાપી બારગામ કડવા પાટીદાર સમાજ દ્વારા વાર્ષિક સ્નેહમિલન સમારોહ નામધા રજ્જુ શ્રોફ હોલમાં યોજાયો

**શૈક્ષણિક તારલાઓનું સન્માન, બેટી વધાવો તથા યુવા પેઢી માટે ખાસ મોટિવેશન સ્પીચનું આયોજન**







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

વાપી બારગામ કડવા પાટીદાર સમાજ દ્વારા રવિવારની રળીયામણી રાત્રે નામધા પદ્મ વિભુષણ રજ્જુશ્રોફ મેમોરિયલ હોલમાં વાર્ષિક સ્નેહ મિલન સમારોહનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું.

વાપીમાં છેલ્લા પાંચ દાયકાથી મહેસાણા બારગામ સમાજના કડવા પાટીદાર સમાજના સેંકડો પરિવારો સ્થાયી થયા છે. તેવા પરિવારો દ્વારા સ્થાપિત સંચાલિત બાર ગામ કડવા પાટીદાર પ્રતિવર્ષે સામાજીક, સાંસ્કૃતિક, રમતગમત જેવી જાહેર સેવા કામગીરી ચાલતી રહે છે. તે ઉપલક્ષમાં રવિવારે નામધા વાપી રજ્જુભાઈ શ્રોફ મેમોરિયલ હોલમાં વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વર્ષ દરમિયાન પૂત્રી જન્મને સત્કારવા માટે બેટી વધાવો કાર્યક્રમ પુત્રી બેટી જન્મ આપનાર દંપતિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય સ્પોન્સર શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ તથા શ્રી ધર્મેન્દ્ર પટેલ હતા. જ્યારે બેટી વધાવોના સ્પોન્સર ભગવતીબેન પટેલ, ફાલ્ગુનીબેન પટેલ, દક્ષાબેન પટેલ, સુચી પટેલ હેતલ પટેલ બીનીકા પટેલ, આરતી પટેલ હતા. જ્યારે મુખ્ય શૈક્ષણિક દાતા મહેશ એચ. પટેલ, મૌતિન એચ. પટેલ (યુ.એસ.એ), વિશાલ જે.પટેલ અને વિક્રાંત જે પટેલ હતા.

કાર્યક્રમમાં જમા પાસુ એ હતુ કે નિષ્ણાત વક્તાઓ દ્વારા પ્રેરક મોટીવેશન સ્પીચ રહી હતી. સમગ્ર કાર્યક્રમ સુપેરે સફળ બનાવવામાં માટે સમાજ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ, મંત્રીશ્રી રાકેશભાઈ પટેલ અને ખજાનચી શ્રી પંકજભાઈ પટેલ સહિત કારોબારી સભ્યોની જહેમત રંગ લાવી હતી.

# પારડીમાં સૌપ્રથમવાર પારડી યુથ કલબ દ્વારા પતંગોત્સવ યોજાયો: વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલે પતંગ ચગાવી કર્યું ઉદ્‌ઘાટન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૨**

પારડી યુથ કલબ દ્વારા પારડી નગરપાલિકા સામે આવેલ સરદાર વલ્લભભાઈ ઉદ્યાન ખાતે સૌપ્રથમ વખત પારડીમાં પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલી યુથ ક્લબ પારડી દ્વારા કરવામાં આવેલ પતંગોત્સવ દ્વારા જમા થયેલ પૂંજીનું ઠંડીની ઋતુ હોય જરૂરિયાતમંદોને ગરમ ધાબળા ફ્રીમાં વિતરણ કરવામાં આવશે.

તારીખ ૧૧/૧/૨૦૨૬ ના રોજ વલસાડ ડાંગ સાંસદ શ્રી ધવલભાઇ પટેલ દ્વારા પતંગ ચગાવી કરવામાં આવેલ આ પતંગોત્સવમાં પારડી તથા આજુબાજુના ગામોના બાળકો યુવાનો તથા બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ અવનવા વિવિધ ડિઝાઇનમાં રંગબેરંગી પતંગ ઉડાવી પારડી નગરના આકાશને રંગબેરંગી બનાવી દીધુ હતું. પારડીમાં નવી શરૂ થયેલ વેદાંત હોસ્પિટલ દ્વારા આ પતંગોત્સવમાં કોઈ હાની કે ઈજા પહોંચે જેને લઈ ડોક્ટરોની ટીમ સ્થળ પર હાજર રહી સેવાઓ આપી હતી તેવી જ રીતે જીવ દયા ગ્રુપ પારડી દ્વારા પણ અબોલ પક્ષીઓ તથા પશુઓને કોઈ હાનિ ન પહોંચે તે માટે તેમની રક્ષા માટે સ્થળ પર હાજર રહી સેવા બજાવી હતી અને સહેલી મહિલા મંડળ દ્વારા બાળકોને પતંગની કીટ તથા તલના લાડુ વહેંચવામાં આવ્યા હતા.

આ પતંગોત્સવમાં ભાગ લઈ પતંગો ચગાવનારા પૈકી પ્રથમ આવનારને ૭૦૦૦ રૂપિયા રોકડા તથા ટ્રોફી, દ્વિતીય ક્રમે આવનારા ૫૦૦૦ રૂપિયા અને ટ્રોફી અને ત્રીજા ક્રમે આવનારાને ૩૦૦૦ રૂપિયાને ટ્રોફી ઇનામ આપવામાં આવી હતી. સાથે સાથે આ પતંગોત્સવમાં બેસ્ટ રીલ બનાવનારાઓમાંથી પણ ૩૦૦૦, ૨૦૦૦ અને ૧૦૦૦ જેવા ઈનામો આપવામાં આવ્યા હતા.

આ પતંગોત્સવમાં પારડી ખાતે ઉપસ્થિત રહેલા વલસાડ ડાંગના સાંસદ શ્રી ધવલભાઇ પટેલે પારડી તળાવની પાળ ખાતે આવેલ પતંગની વિવિધ દુકાનોના સ્ટોલની પણ મુલાકાત લીધી હતી અને વિવિધ પતંગો તથા અવનવી દોરીઓનું નિરીક્ષણ કરી દુકાનદારોને ચાઈનીઝ દોરી નહી વાપરવાની સલાહ પણ આપી હતી.

આ પતંગોત્સવમાં વલસાડ ડાંગ સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલ સહિત પારડી નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઇ ભંડારી, શ્રી ધ્રુવીન પટેલ, શ્રી શ્રેયસ પારેખ, પારડી નગરપાલિકા ટાઉન પ્લાનિંગ ચેરમેન શ્રી શિરીષભાઈ પટેલ, શ્રી કલ્પિતભાઈ સહિત ખૂબ મોટી સંખ્યામાં બાળકો, યુવાનો, ભાઈઆ-બહેનો ઉપસ્થિત રહી આ પતંગોત્સવ સફળ બનાવ્યો હતો.

# વાપીમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા બે ઈસમોને પોલીસે ઝડપ્યા: ૮ બોબીન સાથે ૮ હજારનો મુદ્દામાલ જપ્ત




**આરોપી કૈફખાન અને ઈર્શાદ મન્સુરી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરતા હતા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

વાપી સહિત વલસાડ જિલ્લામાં ચાઈનીઝ દોરી વેચાણ ઉપર જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધ જાહેર કરાયો છે. તેમ છતાં ખાનગી રાહે ચાઈનીઝ દોરીનું વેચાણ લોકો કરી રહ્યાનું બહાર આવ્યું છે. વાપી પોલીસ છેલ્લા સપ્તાહથી ચાઈનીઝ દોરી વેચાણ અટકાવવા સતત ચેકીંગ કરી રહેલ છે. એ અનુસંધાનમાં પોલીસે ચેકીંગ દરમિયાન પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ કર્યા બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

વાપી ટાઉનમાં પોલીસે ચેકીંગ દરમિયાન કૈફ ખાન અને ઈર્શાદ મન્સુરી નામના બે આરોપી ઈસમો ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા ઝડપાયા છે. પોલીસે તેમની પાસેથી ૮ નંગ બોબીન (ફિરકી) કિંમત ૮ હજાર રૂપિયાની મળી આવી હતી. ચાઈનીઝ દોરી ખુબ ખતરનાક અને જીવલેણ છે. રોડ ઉપર પસાર થતા ટુ વ્હીલર વાહન ચાલકો તેના સીધો ભોગ બને છે.ત્રણ દિવસ પહેલા વલસાડમાં એક ઈસમનું ગળું કપાઈ જતા લોહીલુહાણ થતા સારવારમાં ખસેડાયો હતો. તેથી પોલીસે ચાઈનીઝ દોરી વેચાણ અટકાવવા સઘન ડ્રાઈવ જિલ્લાભરમાં ચલાવી રહી છે.

**અગિયારમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



એક ચેહરો જે દ્રષ્ટિમાંથી ભુલાય નહિ, એક વ્યક્તિત્વ કયારેક વિસરાય નહિ, એક હૂંફ જે કયારેક હવે મળશે નહિ, જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે અને ફૂલ બની આસપાસ મહેકયા કરે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ અમારી હૃદયપૂર્વકની પ્રાર્થના.

સ્વ. જયેન્દ્રસિંહ એફ. રાઠોડ
સ્વ.તા.૧૧-૦૧-૨૦૧૫

લિ.
મીનાબેન જયેન્દ્રસિંહ રાઠોડ (પત્ની)
જીનલ જયેન્દ્રસિંહ રાઠોડ (પુત્રી)
સરનામું:- શિવદર્શન એપાર્ટમેન્ટ, નરોલી, દાદરા નગર હવેલી.